છંદ છપા અને સ
વૈયા વગેરેનો
સંગ્રહ. ૨૦૪૧

કવી સામળભટ આદી

**બીજા ઘણા જુના અને વીદ્વા
ન કવીયાના બનાવેલા ન્યાય
નીતી અને ધરમના વીષ્યો
ઉપર ઘણાજ સરસ તે**

અમદાવાદમાં

કાગદીઓળમાં ખોડાઢોરના મકાનમાં

અમદાવાદ "વિક્ટોરિયા પ્રેસમાં"

**છગનલાલ ઉમેદચંદે છાપી
પ્રસીધ કીધે**

સને ૧૮૮૪ ૧૯૪૦ કિમત રૂ ૧—૦—૦

નરભેરામના છપ્પા.

પ્રેમ વિષે.

નથી નિપજતો પ્રેમ વાડીમાં પાણી પાતાં; નથી નીપજતો પ્રેમ, તેલ ચોળ્યાંથી તાતાં. નથિ મળતો કાંઇ પ્રેમ, ગાંધી દોશીને હાટે નથી મળતો કાંઇ પ્રેમ ખોળતાં વાટે ઘાટે. નથિ મળતો પ્રેમ તપાસતાં, ગુજરી ગામો ગામની; કહે નરભો પ્રેમ પુરો મળે, કૃપા હોય શ્રીરામની. ૧

મળ્યો પ્રેમ વ્રજનાર, મગન થઇ મનમાં કુલી; કહાન કહાન કહી ફરી; ભાન દેહીનું ભુલી; પ્રેમ વિદુરની નાર, નાહાતાં નાગી થાઇ; એ લક્ષણ પ્રેમનું, જઇ ભેટી જદુરાઇ. તે ગર્ભને કાઢી નાંખતી, છોંડાં મુખે ધરાય છે; કહે નરભો પ્રેમનું પારખું, છબીલો છોડાં ખાય છે. ૨

જ્યારે પ્રગટયો પ્રેમ, તુલસીના દળથી રાજી; જ્યારે પ્રગટયો પ્રેમ, ખાધિ ખોચડીને ભાજી. જેને પ્રગટયો પ્રેમ, પ્રેપને તે નર જાણે; જેને પ્રગટયો પ્રેમ, તેહને વેદ વખાણે, મનમાં જો પ્રેમ પ્રગટ થયો, એક રતીભર જેહને; કહે નરભેરામ ગુરૂ થકી, નિત બલીહારી તેહને. ૩

કરીને યજ્ઞ અનેક, વ્રત વીધી બહુ પાળે; વળી આપે ગોદાન, હાડ હિમાળે ગાળે; ગીત વેદનાં ગાય, તિર્થ બહુ ફરી આવે; દધી દુધ ઘ્રત ખાંડ, વિપ્ર પોષે મન ભાવે; એવાતે સુકૃત કીધાં ઘણાં, શું આપુ જીભુ ગણી; કહે નભેરામ એ સર્વથી, જ્ઞાન દાન શિરોમણી.

ખારા જળના જીવ. મિઠા જળ માંહે મરે છે; મિસરી
મોઠી ઘાણી, ગધાના પ્રાણ હરેછે; સિંહણ કેરૂ દુધ, કન
કને પાત્રે જામે; બીજી ધાતુ બહુ, માંહિ વિશ્રામ ન પા
મે; છે એમ હરી રસ આકરો, પ્રેમીને દિલ જઇ ઠરે.
કહે નરભેરામ ગુરૂ થકી, હરિજનને વિસ્મય કરે ૫
નથિ પ્રતિકામાં માલ, નથી પીતળમાં પેઠો; કનકની મુ
રતી કરે, નથી ઇશ્વર માંહી બેઠો. નથી ધારામાં પીર, ન
થી શ્રાવકને દેરે; અસલ જુએ નહી કોઇ, સઉ નકલો
ને હેરે; છે રામ નામ અક્ષર અસલ, બીજુ નકલ કેહેવા
ય છે; કહે નરભેરામ ગુરૂથકી. પ્રેમે પ્રગટજ થાય છે ૬
શાસ્ત્ર પુરાણો વેદ, કમાવા કારણ શીખે; આઠ પહોરદી
ન રાત, જઇને ઝીકણુ ઝીકે. વાણી મધુરી વદે, મોર
ના જેવી કહીયે, સર્પ વીંછીને ખાય, ઝેર એવુ હઇયે;
જો રામ રટણ કાંઇ નહી કર્યું તે ગવાર છે તેડીયા; ક
કહે નરભો ખરને લાભશો, મિસરી ભરકે મેડીયા. ૭
જુવતી જગને કાજ, જુઓ પનઘટ પર જાવે; જેને જે
વો અરથ. તેટલુ તે જઇ લાવે; ભાણે ભરચાં પકવાન,
ભુખ સમ ભોગ કરે છે; હદ આવી જે વાર, હાથ આડ
ધરે છે; ભાગવત પકવાન પાણ ભટ કહે, અક્ષર એકજે
દી પળે; કહે નરભેરામ ગુરૂ થકી સત્યવસ્તુ તેને મળે. ૮
પ્રજા પતીની પીડી, રાંડ શીદ હરીજન જાયો; પેટ ભ
રૂ કરિવિષય, એહમાં શું કમાયો; નિદ્રા મૈથુન આહાર,
માંહિ તે શું થયો રાજી; એ પ્રાણી સર્વને, વિચારીજો
ને રામ રટણ કાંઇ નવ કર્યું, અંતે હારજશા

ર્યો; કહે નરભો પેટ સર્વ ભરે, અધાં બિલાડા કુતરા. ૯
ગળ નિસરી બાહાર, ચાલતો માહા સુખ માણે; ન
હી શત્રૂ નહી મિત્ર, વિશ્વને સરખુ જાણે: પુંઠે ભસે બ
હુ સ્વાન, કેટલાં બેશી રેહે છે; મેગળને નહી માન,
માન અપમાનજ દે છે; એમ હરિજન મેગળ રૂપ છે,
જેને હરિનુ ધ્યાન છે. કહે નરભે દાસ ગુરૂથકી, હરિજન
સઘળા શ્વાન છે. ૧૦ ભઠ પડયો અવતાર, જેની પર
નારે પ્રીતી. ભઠ પડયો અવતાર, જેની ચાલ અનીતી. ભ
ઠ પડયો અવતાર, હરીગુણ ગાતાં લાજે. ભઠ પ
ડયો અવતાર, કોઇના સુખ જોઇ દાઝે; વળિ ભઠ પ
ડયો અવતારજે, મોહયો મોટમ માનને; કહે નરભો રા
મ રટયા નહી, શિદ વાણસાડયુ ધાનરે ૧૧ ધાન ખાધુ
તે ધુળ, નહી વાહાલા રઘુરાય; ધાન ખાધુ તે ધુળ, વ
થ વીષયી થાય; ધાન ખાધુ તે ધુળ, પાપ કરિ પેટ ભરેછે
ધાન ખાધુ તે ધુળ, ઘાત વિશ્વાસ કરે છે. સામાનુ સુખ
જોઇ દાઝતો, નરકે જશે નિદાનરે; કહે નરભો ફટ ધયે
ડીના, શિદ વાણસાડયુ ધાનરે. ૧૨ કરજોડી કહુ કણ
સાંભળો અક્ષર મારો, મનુષ્ય દેહ દઈ ભલે, શીદ બ્રા
હ્મણ અવતાર્યો. અણસમજુને એમ, જન્મ બ્રાહ્મણનો
મોટો. મુજને ભાસે એમ, જન્મ બ્રાહ્મણનો ખોટો. જે
જમે હજાર સાથે થયુ, તેના ધરૂખુ શોકને; કહે નરભો
હાથ ધરી સહુ, સાધન સોંપુ લોકને. ૧૩ કોઇ કેહેશે એ
મ, હાથ તો શીદને ધરીયે; હાથ ધરે જીવાય નહી તો,
પેટ ન ભરીયે; ધરીએ નહી જો હાથ, ન વસાં કેમ

ફરાગ; હાથ ધર્યો પરતાપ, ટાઢ તડકો તે જાય; જન નર ભે તો નિશ્ચય કર્યું. હાથ ધર્દામાં ધીક છે; ૧૪ વગર મેનતે ખાય, પારકા માગી મેવા; વગર મેનતે ખાય, હરામા સાંઢા જેવા. જીવે તે પારકુ ખાઇ, એહ અવતાર ન સારો: જોતા નથી વીચારી, લાભ લુટાયે મારો, જેમાલ પારકે ખાઇને, મુરખ હૈયે અકળાય છે; કહે નરભો લાલ બમ્બો જુએ, નાગો શું લુટાય છે, ૧૫ ખાર તણો ભુમીમાં, સોમાણુ બાજરી વાવી; ખાર બધુ ખાઇ ગયો, પાછી પાશેર ન આવી; વિવેક સમજયો નહી, પાત્ર કુપાત્ર ન જોયુ; ખાધુ તેણે પચ્યુ, ખવરાવ્યુ તેણે ખોયું; સઘળી ભુમી સરખી નથી, કઇ છાયા કઇ તાપની; કર નરભો કુપાત્ર થાય તો, દસુદ આવે પાપની. ૧૬ જાચક જીવ ન ઠીક, વગર મેનત જે જીવે; જાન જાચકે થાય, જુવો દેખાડુ દીવે; માગે સાકર ગોળ, તનુજને ટપલી મારે; જાચકને નોતરી જમાડે ઘીની ધારે; કહે છે નરભો મોટમ પણે, લાખો જર લુટાય છે. ૧૭

ઘડપણ વિષે.

સંવત અઢાર ચોવીશ, હતા બેઠા ઘર માંડી; બતરિશ માંટો મુઆ, રાંક જીવ્હા તે રાંડી. નહિ સાંભળુ કહે કાન, ચરણ કહે હું નહી હીંડુ. તેજ નેત્રનુ ગયુ, વાનુ વળીયુ મીંડુ; તાણુની સાક્ષ વૈશાખ, સુદી પાંચમ જેજાણુ, રામે પાછુ વાળ્યુ હતુ, આવ્યુ જે આણુ, એક વાર જ પાછુ વાળીયુ, વળી વળીને કેમ વાળશે; જન નરભારટ તું રામને, કાળ ચપેટી મારશે.

ચેતામણદાસ

ચોપાયા છંદ,

સાંભળીને શીખામણ માહારી, પાપી પ્રાણ અભાગી,
સુખ મેલીને દુખના દાહાડા, મરવા લેછે માગી. માથાઉ
પર મરણ ભમે છે, આ લીધા કે લેશે; આંખે તો અં
ધારી બાંધી, મોગમ મારજ દેશે. ૧ સાત પેડીનુ સ
ગુ સાગવુ, કોઇ ન આવે આડે; બેઠાં બેઠાં જોશે રોશે, જા
ણે લુટયાં ધાડે. પ્રાણ ગયા તે કોઇ ન જાણે, સર્વ પડ્યું
રેહેશે; વાલાં હશે તે વેરી થઇને, કાઢો કાઢો કેહેશે. ૨ શાં
ઘુ શાણનુ સાદરડુ ને, કાચલી કેરો કડકો; આવ્યા મધ્યે
એજ આવશે, દેશે ખાહાર ધબડકો; ખડકે જઇને ખડ
કશે ને, ચોરી બાંધશે ચણી, જોડવાણી તો ઘણી જોડવ
શે, બંધી કરશે ઘાણી; ૩ સોડ તાણીને સુવારશે ને હ
ઇડે મુકશે બોડ; મોઢેથી પરજાળશે ને, વાના બાંધશે
ઓઢ, કંચન સરખી કાયા ઉપર, ભડકે હોળી બળશે; મા
ત પીતાને દારા બંધુ, વળાવીને તે વળશે; ૪ કાગારોળજ
કરતાં કરતાં, જઇને જળમાં નાહાશે; પુંઠેથી વા આવ
શે, તે ભભુત ઉડી જાશે. મુવા પુંઠે ચોથે દાહાડે, ક્રિયા
કરવાની પેર; સવાયા કે દાઢા કાડી, નાત તેડશે ઘેર;
કરશે એની લાજ ઇજતને, તારૂ તારી સાથે; પુન્ય હશે
તે કીધુ પામીશ, હેત સહીત નિજ હાથે. શ્રાદ્ધ સરાવીસ
ગાં સ્નેહી, કરશે વકી વડાઇ; ચોરે ચઉટે બેઠાં હાકે, બ
હુ ખરચની બડાઇ; ગયાજ ખાતે વાવરીયુ ને, રહ્યા ખાતે
તે રહીયું; દુખ લાગે તે બેહેલુ લાગો, કેહેવુ હતુ તે ક

હીચુ; તેથી પુછો દીવાકરને, ઉપજયા ખબ્યા અનત; કે
હે થોભણ સેવો હરી ગુરૂને, સત્ય સગાતો સંત. ૭

નરશીંહ મેહેતાના પદો.

આત્મજ્ઞાન વીષે. રાગ પ્રભાતી. પદ ૧.

જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહી, ત્યાં લગી સાધના સર્વ જુઠી; મનુષ્ય દેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટી વુઠી: જ્યાં. ૧ શુ થયુ સ્નાન સેવાને પુજા થકી, શુ થયુ ઘેર રહી દાન દીધે; શુ થયુ ધરી જટા ભસ્મ લેપન કરે, શુ થયુ વાળલોચન કીધે. જ્યાં ૨ શુ થયુ તપને તીર્થ કીધા થકી. શુ થયુ માળા ગ્રહી નામ લીધે; શુ થયુ તીલકને તુળશી ધાર્યાથકી, શુ થયુ ગંગજળ પાન પીધે; જ્યાં, ૩ શુ થયુ વેદ વ્યાકરણ વાણી વદે, શુ થયુ રાગને રંગ જાણે; શુ થયુ ખટ દરશન શેવાથકી, શુ થયુ વરણના ભેદ આણે; જ્યાં. ૪ એ છે પરપંચ સહુ પેટ ભરવાતણા, આત્મારામ પરીબ્રહ્મ ન જોયો; ભણે નરશીયો કે તત્વ દરશન વિના, રત્ન ચીંતામણી જન્મ ખોયો. જ્યાં. ૫

પદ ૨

અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યા, વૈષ્ણવ પદ કેરૂ બીરૂદ ઝાલે; ઘર વચ્ચે પુત્ર વીના જેવુ પારણુ, વર વીના જેહવી જાન માલે. અ૦ ૧ વ્યાપીને વેદના વીશ્વની નાટકે, ઠાલો ગગનમાં મેઘ ગાજે; હરીને જાણ્યા વિના હરીકેરો જન થયો, વાત પકવાનથી ભુખન ભાજે. અ૦ ૨ તુ એમ જાણે જે હરીજન હુ થયો, વિષ્ણુપદ

આઇ થયો ભક્ત ભવમાં; કરણી તો કાગની હોડ કરે હું શની, હુંશને તો હુશી કાઢેજ લવમાં. અ૦ ૩ પંડમાંય ભુ પણ પ્રગટ પેખે નહી. ફોગટ બ્રહ્મને દુગ્ભાળે; અગ ણીત બ્રહ્મનુ ગણીત લેખુ કરે, દુષ્ટ ભાવે કરી માળ ઝા લે. અ૦ ૪ જો નિરાકારમાં જેહનુ મન ગળે, ભિ ન્ન સંસારની ભ્રાંતી ભાગે; દાસ નરશીયો તે તને અર ણુ નમે, જ્ઞાન વિજ્ઞાનની જોત જાગે. અ૦ ૫

પ્રીતમદાસનો કકો.

કક્કા કર સદગુરૂનો સંગ, રૂદે કમળમાં લાગે રંગ; અંતરમાં અજવાળુ થાય, માયા મનથી દુર પળાયે. લીંગવાસના હોયે ભંગ, કક્કા કર સદગુરૂનો સંગ. ૧ ખખ્ખા ખરેખરી છે વાત. તે શ્રી મુખે કહી સાક્ષાત; જ્ઞા ની મુની જોગી જતી, ગુરૂ કૃપાવિણ સિદ્ધી નથી. જ ન્મ મરણની છુટશે ઘાત, ખખ્ખા ખરેખરી છે વાત. ૨ ગગ્ગા ગુરૂની શેવા કરો, પરનિંદા પરધન પરહરો; પ્રપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતા રામ એશી ખામણુ ચીતમાં ધરો, ગગ્ગા ગુરૂની શેવા કરો. ૩ ઘઘ્ઘા ઘણુ કહે શુ થાય, ભવ તરવાનો એ ઉપાય; સમ જીને સંસય ટાળવા, બાહ્યા ભ્યંતર હરિ ભાળવા. જો તાં જીવ દશા તો જાય, ઘઘ્ઘા ઘણુ કહે શુ થાય. ૪ નન્ના નિર્મળ તેની દશા, જેને હરી રૂદયમાં વશ્યા પોતાના અવગુણને હણે, પરના તો રૂદીયે ન ગણે, કોના દોષ ન દખે કશા, નન્ના નિર્મળ તેની દશા. ૫ ચચ્ચા ચિત્તમાં ચેતી લે, માથે મરણ તણો છે ભે; ક્ષ

થા ઉપર તાકે કાળ, મોહ પારધિએ માંડી જાળ. તેમાં
હરિ રાખે તો રેહે; ચાચ્યા ચિતમાં ચેતી લે. ૬ છ
ચ્છા છે માયા ગુણ મયી, બળવંતી પણ દીસે નહી;
દાનવ માનવને દેવતા, આધિન થઇ સહુએ સેવતા; છ
ચ્છિન આગેકારી રહી. છચ્છા છે માયા ગુણ મયી. ૭
જજજા વિરલા જાણે ભેદ, માયા પ્રપંચ વિધી નિશેધ;
તે માયાનુ તજવુ માન, માયાપતિ ભજવા ભગવાન.
અંતરમાં ઉપજે નિરવેદ, જજજા વિરલા જાણે ભેદ. ૮
ઝઝાં ઝાંખી જોને જેહ, પણ વાદળી જ્યાં વરસે મેહ; વિ
ના સરોવર અંબુજ સાર; વિના ભ્રમર ઉડ ગુંજાર.
વિના અરક અજવાળુ જેહ, ઝઝ ઝાંખી જોને તેહ. ૯
નન્ના નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર; કા
ળ કર્મ ન લાગે લેશ, છે આનંદી હરિનો દેશ. તે પદ
ને પામે નિરધાર; નન્ના નામ નાવ છે સાર. ૧૦ ટ
ટા ટેક જનમનો ટળે, અંતરજામી ઘટમાં મળે; નાના
મોટા હરિના ઠાટ, કાંઇ સુક્ષમ ને કાંઇ વિરાટ; હરિ
ને ભજતાં હુ પદ ગળે; ટટા ટેક જનમનો ટળે. ૧૧
ઠઠા ઠેકાણુ છે ઠીક. જ્યાં ન મળે બીજાની બીક; નિરભ
ય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ; સમજણ મા
ની લેને શિખ, ઠઠા ઠેકાણુ છે ઠીક. ૧૨ ડડા ડાહ્યા
પણ મુકી દે, સદગુરૂને શરણે જઇ રેહે; વચન તણો
રાખી વિશ્વાસ, કુડ કલ્પનાનો કરશે નાશ. ઉપાધીથી આઘ
ગો રેહે, ડડા ડાહ્યાપણ મુકી દે. ૧૩ ઢઢા ઢોલ વજાડી ક
હ્યું, રૂડા પુરૂષને રૂઢીએ રહ્યું; સમજ્યા તેણે લીધો

સાર, ગાફલ નરતો ખાશે માર; જોતામાં જોબન તો ગયું, ઢદ્ધા ઢોલ વગાડી કહ્યુ. ૧૪ રેણા રાણ ચોરાશી તણુ. તેનુ વ્યાજ વધે છે ઘણુ; દાણા ગણતાં ફુસી ગયો, દેવાળુ કહીને રહ્યો, જમ કીંકર કરશે તાપણુ રે ણા રાણ ચોરાશી તણુ. ૧૫ તત્ત તારૂ આપ તપાશ, કયાં થી આવ્યો કયા તુ જાશ. ખેપ કરીને ખેંગી ફ્રાઠ. હુ રીફ હોય તો લાગે હાડ. મુરખના મનમાં નહી ત્રાસ, તાત તારૂઆપ તપાસ. ૧૬ થથ્યા થિરતો રેહેવુ નથી, કોણ રંક કોણ પ્રથ્વી પતિ; આજ કાલમાં જા વુ ત્રહી, કોટી ઉપાયે રેહેવુ નહી; આવ ધ્રની જાજ કમ જાપતિ, થથ્યા થીરતો રેહેવુ નથી. ૧૭ દદ્દા દેહ દેવળ સાંદેવ, સેવક થઈને કરને સેવ, પ્રેમ પુજને ચંદન હાર, ગ્નાન દિપક ઘટમાં અજવાળ; અંતરનો ટાળ હુમ મેવ; દદ્દા દેહ દેવળમાં દેવ; ૧૮ ધધ્ધા ધ્રજજે ધારણ ધીર, વાચ કાછ વશ રાખે વીર; શબ્દ તણી કરજે સમશેર, શતરૂદળમાં પાડે જેર; સદગુરૂ બકતર પેરશ રીર, ધધ્ધા ધારણ ધરજે ધીર. ૧૯ નન્ના નિશાન ગુરૂનુ છેયે ધીર વીર પગ રોપીયે; કાયર નરનુ નહીં ત્યાં કામ, સુરવિરનો સાચો સંગ્રામ; જીત્યા નર્ભેનુ જગમાં જેય નન્ના નીશાન ગુરૂનુ છેયે. ૨૦; પપ્પા પુરાતની જે મીત મેરૂ ચળેપણ ન ચળે ચિત; પવનની પેર આવિ ચળ રહે, સ્તુતિ નિંદા ને સુખદુખ સહે નાગારાણુને નીરખે નીત, પપ્પા પુરાતની જે મીત; ૨૧ ફફ્ફા ફોગટ તે કોણ ફેરે, સચ્ચે થઈ હરી સમરણ કરે જન્મ મર

ણમાં આવેનહી, જેનુમન વશીયુ હરી મહી, જઠરા
વાસ ફરી નવ કરે, ફેરા ફોગટતે કોણ ફરે. ૨૨ બ
બા બોલે તેને જાણ, મુકોદને મનની તાણ, હુમારૂ
રૂદયેથી ટાળ, પરમારથમાં પીડજ ગાળ; દયા દીનતા
મનમાં આણ, બબા બોલે તેને જાણ. ૨૩ ભભા ભ
જન થકી ભય ટળે નીશે કાળ કરાળ નગળે; ભેખધરે
જો શીધીથાય, ભાંડ ભવઈયા વઈકુંઠ જાય; જેવો ભાવ
તેવુ ફળલહે, ભભા ભેખ અંતર ઘટ રહે. ૨૪ મમા
માયા મનની જાણ, મારૂ તારૂ એમા તાણ; સઘળે
સરખો આતમરામ, સાંખાવાંખા મનનુકામ; માટેમન
તારૂ વશ આણ, મમા માયા મનની જાણ. ૨૫ જજા
જીવ પણ જેહને, સંશય શોક સદા તેહને; આતમ બુ
ધી ન ઉપજે કદા, અશા ત્રશ્ના બહુ આપદા; દેહ દર
શી દખે દેહને, જજા જીવ પણ જેહને. ૨૬; રેરારામ
ભજનમાં રહે, બીજુ બકવુ મુકીદ; વળતો શીદ વેદહે
વાત,નીર વલોવે નાવે સ્વાદ; હરીનુ ફારદ હે ગ્રહે, રે
રા રામ ભજનમાં રહે. ૨૭ લલા લેતુ આતમ લાવ,
ફરીફરી નહી આવે દાવ; છતી બાજી હારીશ નહી,
સમજુને શીખામણ કહી; હવેન ચુકીસ આવો દાવ,
લલા લેતુ આતમ લાવ. ૨૮ વવા વેદ વચન નીરધાર
જે પીછેને પામે પાર. ઉચ નીચનો અંતરનથી, સમ
જ્યાને પામ્યા સદ ગતી; સંશય સહુ તજજો અહંકાર,
વવા વેદ—વચન નિરધાર. ૨૯ શશા સાધન સરવે
શઉં, જેતું ચિત હરી ચરણે રહ્યું હરતાં ફરતાં હરી

નું ધ્યાન, તપ તીરથ તેને બહુ દાન; કોટી વીધન ભાગ કુકૃત મયું સશા સાધન સર્વે થયું ૩૦ ખખ્ખા ખાં ઠનાં બીબાં ભરે. કોયલ કાગડો કુંજર કરે; મીન મગર બહુ જળચર જાત, જેવું બીબું તેવી ભત; મિસરી જોતાં તો મન ઠરે, ખખ્ખા ખાંડના બીબાં ભરે. ૩૧ સસ્સા સગળે સુંદર સ્યમ હરી વિના નહી ઠાલે ઠામ; અનેક રૂપે એનાં નામ, આદ અંતે એકજ રામ; જે સમજે તો પુરણ કામ, સસ્સા સગળે સુંદર શ્યામ. ૩૨ હહ્હા હરી ભાળો ભરપુર, દષ કર્મ તો રહેશે દુર; રવિ ન રજની નહિ કો કાળ, તેમ આતમા પુરણ ભાળ; નિર્મળ નયણે નિરખો નુર, હહ્હા હરી ભાળો ભરપુર. ૩૩ સઉ અક્ષર સંપુરણ થયાં હરી ગુરૂ સંતે કીધી દયા; અક્ષર અક્ષર આતમ બોધ, જો સમજે તો ટાળે વિરોધ; સંવત અઢાર બત્રીની સાલ, ચઈત્ર સુદી સાતમ શોમવાર. ૩૪ સંદસર સાધુનું નામ, ઠાકોર કુંજબિહારી ધામ; પ્રાતમ પ્રેમે અક્ષર કહ્યા, હરી ગુરૂ સંતે કીધી દયા. ૩૫

અખા ભગતના છપા

અગ્નસમજુ બીજુ ઝાંખરૂ, જ્યાં અટકે ત્યાં વળગે ખરૂ પ્રકૃતિ મળે તો ત્યાં તે અડે, નહીં તો પાછુ વાટે પડે. એમ અખા સઘળો સંસાર, ઝ મર ઝાઝે કરે વ્યાપાર ૧, ભાષાને શું વળગે ભુર, જે રણમાં જીતે તે સુર; સંસ્કૃત બોલ્યાથી શું થયુ, શું પ્રાકૃતથી નાશી ગયુ. બાવન નો સગળો વિસ્તાર; અખા તેપનમો જાણે પાર. ૨, સ

છક્ જાણી માયાનો કુંડ, ત્યાં નર ફેરી પડે મતિ મુંઢ;
શાણ્ ગારી વાણી સહુ ગાય, મોહા જીવ સાંભળવા જા
ય; અખા શું વાંચ્યુ સમજ્યો કશું, આંખનુ કાજળ
મોઢે થયુ. ૩ બહુ વિદ્ય છે શાસ્તરનુ જાણ, ઊર
રાણનાભ મુકે નિજ લાભ; તેમ બુદ્ધીયે રચ્યા ગ્રંથ મ
મતે સહુ વધારે પંથ; શુદ્ધ જ્ઞાન તો આતમ સુજ, અ
ખા અનુભવ હોય તો બુઝ. તપ તીરથ દેહ દમવા
કાજ, જાણ્યું ઉનમત આવેશાજ; ફળ સાંભળીની કોધુ
ખરૂં, પણ હરીનું કારણ પરહર્યું; અખા સર્વે એ મ
નની તોર, કોડી વટાવ્યે નાવે ગોહોર. ૫ જ્ઞાન વિના
ભક્તી નવ થાય ચક્ષુ હિણા જ્યાં ત્યાં અપડાય તે
માટે જ્ઞાની—ગુરૂ કરો; હરિ દેખાડે સાભરે ભયો; ગુ
રૂજ અખા નવ જાણે રામ તે શિષ્યને શું આપે ના
મ. ૬ અણે જે ગતથી અળગું કર્યું, જીવન મુ
કી ત્રતક આદર્યું ત્રત્યું સમું મીઠું કાંઇ નથી, સાર
માંથી સાર કાઢ્યું કથી; પ્રત્યક્ષ પરોક્ષ જીવતાને લો,
અખા મુવો તે નિરખે રહે. ૭ કોઇ કહે મોટા મહા
દેવ, કોઇ કહે વિસણુ અવરા મેવ; કોઇ કહે આદ્ય ભ
વાની સદા, બુધ કસરીના દેવાયદા; જઇન કર્મની દે
હે શિખ યવનો માને હક્ષમે શરીફ. અખા સહુ બાં
ધ્યે આકરી. કોઇ ન વાત તપાસે ખરી. ૮ લોહનો કા
ળ રૂપાના દેવ, એક દેશમાં થાતી સેવ; તેમાં આવી
પારશ જહાં; સર્વે સાજ સોનાનો થયો; ઉતમ મધ્યમ
જ્ઞાનજ વડે; અખા સર્વે હરિ નીંમડે. ૯ અખા સમ

સ્યા સરખી ખરી. જે સમજે તે નીપજે હરી; ઊંડ જળમાં રત્નજ પડ્યું કેમ ડપકી ખાય કને તુમડું; કોડ તુંબીફળ જડશે રત્ન, કરતું પ્રેમસહીત પ્રયત્ન ૧૦ શિક્ષા એક ટાંકી ચીતરી. આગ—ઘડી બીજી મેલે ભરી; બે નાંખી ઊંડા જળ—દીશે, એઉયે સરખી તરવા વિશે; પંડીત જડ સરખા નીમડે, આખા દઇતને રૂપક ચાડે. ૧૧

સત્ય વિશે છપા

જટા ધરે વડ—વૃક્ષ, પતંગ નિજ બાળે કાયા; જળચર જળમાં નહાય. ધ્યાન ધરવા બગ ધાયા, ગાડર મુડાવે શીશ, અજા મુખ દાઢું રાખે; ગર્દભ લોટે છાર, શુક મુખ રામજ ભાખે; વળી મોર તજેછે માનની, શ્વાન સકળનું ખાયછે; ભટ શામળ કહે સાચા વિના; કોણ સ્વર્ગ માં જાયછે, ૧ ઊંચું ભાખે, ઉટવાળો નીચું ન્યા ;તરૂવર સહેછે તાપ, પહાડ આસન દ્રઢ વાળે; ઘર કરીને ન રહે નાગ, ઊંદરો રહે છુપીને;નોળી કર્મ ગજરાજ, ભક્ષ ફળ પત્ર કપીને; ઇશ્વર અનુભવ વીણ નવ મળે -સેહેજ ભાવના ભાંગછે; શામળ કહે મન સિદ્ધ તેહને, કોથગાટ માંહે ગગ છે. ૨ ભિક્ષુ ગુડાવ્યાં શીશ કરી ઉઘાડી કાયા; ફરી માગવી ભીખ; ન મેલી કોઇએ માયા, વરતી બાણાએ વેષ, લક્ષણો લેશ ન હોતા; કામા માયા રાજ, ફરે ધર્મ લાભ કહેતા; વિશ્વંભર તેથી વેગળા, જ્યાં લગિ મન ભામિની ભજી; શામળ કહે આવ્યો સીદ્ધ તે મમતાને માયા તજી. ૩

શમસાઓ

જીવવિના... ..., બેય પાસેથી સરખો; જરાય મુખ નહી ઊર, પંડીતે તેને પરખ્યો. નર નારીની કંમર રહે વીંટી તે વારૂ; વસ્ત્ર તણું વીવેક, શુસોભા સગળી સારૂ. ચીસો પાડે ચારે મુખે, દયા ન આવે દેહમાં; શામળ કહે પંડીત પારખો, નર નારીના નેહમાં.

હીચોળાખાટ

ગુણમય ગોળાકાર, અધિક અગ્રતનો ભરિયો; ઓચો મ હેસ દશ વીશ, કાળોસ તે નરને કરિયો. જો કોઇ પસે જાય, નાર દુઃખ તેને દછે; અહો નિશ આઠે જામ, અધર રસ તેનો લેછે. તે નરને મારે પારધી, રૂધીર સરવ જન ખાયછે, શામળ કહે માંસ રૂધિર સદા, ચઉટામાં વેચાયછે.

મધપુડો.

મોતી ને અનુમાન, પ્રથીપર આવી પડિયો; કો જાણે કેનો માલ, કંથ મારાને જડિયો. સોંપ્યો માયે હાથ, ભલા ભોજનમાં મળિયે; ચોરી ગયો કો ચોર, કોઇ નર નારે ગળીયો. ફરી કોટી જતનથી નવ જડયો, લખ જન જોતા લીખીએ; શામળ કહે સોધ્યો નવ મળે તો શો ઉતર દીજીએ.

લવણ અથવા મીઠું.

નારી નીરખી નીચ, જુઓ લક્ષણ કહુ જેના; અંગે ઉજળી આપ, બાપ માં કાળાં તેનાં. નહી હાથ નહી પાગ, કુલક્ષણ તેની કાયા, મુખ નાસા છે, નહી મમતા કે

માયા. તે નહી પશુ પક્ષી માનવી, નહીં જીવા જોની જદા; શામળ કહે સુધ સલક્ષણા; તેશોધી જોઇ સદા.

સરપની કાંચળિ.

રથ દીઠો સમરથ, અધર આનીમાં ચાલે; બ્રહ્મા નામે નામ, મંદીર તેનામાં માલે. અપરમ પાર અપાર, પ્રજા પેદા ત્યાં થાય; વેડે આગની આંચ, માર પણ ઝાઝો ખાય, આવે અમુલા કામે અરથ, મુલ અદા માઠે મળે; શામળ કહેછે શોધી જુઓ, કરી રૂપાંતે તો કળે.

કુંભારનું ચાક

નીચ ઘેર છે નાર, દશ બાથામાં દાબે; મુખમાં મોટી જીભ; રીઝથી બહાર રાખે. નહી હાથ નહી પગ, શીશ વિના મુખ બેલે; ફરે છત્ર તે શીશ, જને કણ અધીક અતોલે. ઘર પણી તો ગીતો ગાયછે, પવિત્ર નર પુઠે ફરે; શામળ કહે એહું એહનું, મોટા જન મસ્તક ધરે.

ઘાણી

ચાતુર નરનુ ચેત, એક અચરત મેદીઠું; સુદર રૂપ સ્વરૂપ, અધીક અન્નથી મીઠું. કાયા ઉપર હાડ, હાડપર વાળ ભણીજે: વાળ ઉપરછે રૂધીર, સુગુણ તેના જ ગણીજે; ખરીતે ઉપરતો ખાલછે, ખાલ ઉપર વાળજ નથી; વળી મુખમાંથી અન્ન ઝરે, શામળ કહે કહોકથી

કેરી

પ્રેમદા એક પ્રચંડ, અધર અવની પર રાચે; ઉપર ઉભા બે ચાર, જેમ નચવે ત્યમ નાચે. જ્યમ હોય જે

ઠીમક્ષ, જોરઝાજેથી ઝુઝે; બોલેઆમ બળવંત, ધરા બાધીત્યાં ઘુજે, પાણીતો તરૂપી એનહી, અન અલેખે ખારછે; વળી ચરણનહી પણ છોય; એહુએનુ સહુ ચહુયછે.

પુરુષા ખાંડવાની ઢીકણી

નહી નપુંસક નાર, નહી નરને છે નામે; અમ્રતનુ રૂપ આકાર, કરતાં ન ઠરે ઠામે; નિરમળ નિર ઝરંત, પુરાણ ગુણ અપરમ પારી, કુસળ જાણે દેત, સકળ ગુણ શોભા સારી; છે તરત તેજ ત્રણ લોકમાં, આગરશાળી જતન ભોગવે. શામળ કહે તેથી નીપજે, જે જર ગાંડે ભોગવે.

ફોકટ સોલકડી ચીલવાળો

જગમાંહી જીવંત, નહી મેડક નહી મછી, ચારેદીસ ચાલંત, નહી પશુ કે નહી પંખી; પગ ગણ્યા વહે પ્રવાહે, પવન પગ વહી નહી પાણી; લહેની લીલા લહેર, નહી ગગન નહી રાણી; છે તરતતેહ નારણ તરણ, ભુકતાને રાણી બહુ; વળી પારઉતારે પલકમાં શામળ કહે સમજો સહુ

જાહાજ

એકમાત સંતાન; નપુંસકને એક નાની, તે બેના સંતાન, અલેખે અપરંમપારી; નપુંસકના સંતાન અરથ અધિકે નવ આવે; વડે ગુણ વેચાય, રૂપ જેતાને ભાવે; બાળક જે તેની બેહેનનાં, સરવ અરથ તેથી સરે.

સોનુ અને માટી.

શામા છે શામળી, સારૂપે પણ શોહંતી; ભમરાણી

ભરપુર; મરદ મોટમ મોહંતી. વપુ વરાણાગી વેશ. વ
ળી ભળવાળી વંકી; દુશમન ગંજન દાખ. સાર સોભી
ત સીહ લંકી. તે નાર વડે નર શોભસે, તે વીણ
ગુમ જગતમાણાં કહે શામળ એ શમશા કહી ભલી
રીતે લેઉ ભામાણાં.

સુઇ.

શિશ વિનાની નાર, મુખ મોહ મુખ માણો. લો
હીંગનો જે ભક્ષ, જમી ને ઝાઝુ જાણો; પલક ન રા
ખે પેટ. વળી કીડે કરી વેધ; પતણુ શત્રુને પેટ,
તેહ મથાંમાં પેસે; વાંસા કઠણને વશ કરે, બળતાને
બાળી બહુ; સમજ્યા કેડે તો સેહેલ છે, શામળ કહે
સૌથી સહુ.

ધમાણ.

નખીતમ નીરખી નાર; ભુખમવાળી ઝળકંતી, નહી
હાથ નહીં પાગ, લાક ઝૂઝે લળકતી. મંદીરમાં મ.લં
ત. ઓપતી આડી પેડ઼ી; નારી થઇ નિરમાળા. વાદક
ર તો જે વેરી છે નારી જાત નિરબળ નહીં, કાળા ક
રૂપ કાયા થકી; શામળ કહે શાણા સમજસે, કહ્યું ડા
હ્યા તેને નહી.

તરવાર.

કવી ભોજા ભગતના ચાબખા

ચાબખો. ૧

મુરખો રળી રળી કમાણો રે, માથે ગણહો મોટો
પાણો; ધાઇધુતીને ધન ભેગુ કીધુ, કોટીધ્વજ કહેવાણો;

પુન્યને નામે પાઈ ન વાવરચો, અંતરચથી લુટાણોરે
મુ૦ ૧ ભરયા કોડાર તારા ધરયા રેહેશે, નહિ આવે સા
થે એક દાણો. મસાણની રાખમાં રોળાઇ ગયા કઇક,
કોણ રંકને કોણ રાણોરે. મુ૦ ૨ મંદિર માળીયામે
લી કરીને, નીચે જઇ ઠેરાણો; ભોજો ભગત કેહે મુવા
પુઠે જીવ, ઘણો ઘણો પસ્તાણો રે. મુ૦ ૩

ચાબખો ૨.

મુરખો માની રહયો મારૂરે, તેમાં કાંઇએ નથીતારૂ;
સાત સાયર જેની ચોકી ફરતા, ફરતુ નીર ખારૂ;
ચઉદચોકડીનુ રાજ્ય ચાલ્યુ ગયુ, રાવણદી વડુરે. મુ. ૧
દુખને તો કોઇ દેએ નહી ને, સુખ લાગે સારૂ;
વેળાવેળાની છાંયડી તારી, વળી જાશે વારૂરે. મુ૦ ૨
હરી ભજનમાં હેતજ રાખો, સ્મરણ કરો સારૂ;
ભોજો ભગત કહે રાખો રૂદેમાં, પ્રભુનુ ભજન પ્યારૂ. મુ. ૩

ચાબખો ૩

ભગતી શીશતણું સાટુરે, આગળ વસમી છે વાટુ;
એક દીવશ તો આવી બની રાજા. મુ.ધ્વજને માથે.
કરિને જઇને કરવત મુકાવ્યુ, હરીજનને હાથેરે. ભ. ૧
સત્યને કાજે ત્રણે વેચાયાં, રોહિદાસને રાણી;
રૂષિને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણીરે. ભ૦ ૨
પેરો પટોળાં પ્રેમનારે તમે, શુરવીર થઇ ચાલો;
ભોજોભગત કહે ગુરૂ પ્રતાપે, અમરાપર માલોરે, ભ૦ ૩

ચાબખો ૪

દુનિયાં દિવાની કેહેવાશે, ભુંડી ભીતોમાં ભટકાશે. ટેક.

પાપ જ્યારે એનુ પ્રગટ થશે, ત્યારે ભુવા જની ઘેર જાશે
ધુણી ધુણીને એની ડેકજ દુખશે, લેનારો લેઈ ખાશેરે, દુ. ૧
સ્વરગમાં નથી સુપડુને, ખાંચણીઓને ઘંટી;
દુધ ચોખાના જમનારા તમે, કેમ કરી જમશો ખંટી દુ. ૨
ઢુંગ કરીને ધુણવાને આવે, ત્યારે હાથ બતાવા સઉ જાશે
ક્યારે આના કર્મનુ પાનુ ફરશે, અને ક્યારે પુત્રજથા
શે. દુ૦ ૩ ફીનીયા ગરકોઇ આવે મળે ત્યારે, ધનને
વાસ્ને થાશે; બોજો ભગત કહે શ્રમણામાં ભણતાં, ગાં
ઠની મુડી ગમાશેરે, દુ૦ ૪

ફુબગુરામના છંદ છપા

કેશવ કૃપા નિધાન અરજ ઉરમા આણો;
ભક્ત પ્રિય ભગવાન, જીવ દયા મન જાણો. ૧
પુરશોતમ પતી પાળ, આ અવસર તો આપ્યો;
ટકુલ કર્મથી કાળ, કેટલેક તો કાપ્યો. ૨
હજી રહ્યો અતિશેષ, જીકર કરતાં જાશે;
રીઝ કરો રૂશી કેશ, સયળ તમે સુખી થાશો. ૩
બાળક દુખે બાઉ, પ્રીતે ફરે તે પુછે;
હુઠે બતાવે હ ઉ છાતીમાં છગી ઉઠે. ૪
એમ હું અંતરયામી હેત દેખાડો હરખું;
ગોવીંદ ગરૂડા ગામી; થેડા દુખથી થરકું. ૫
સેવકને સનમાન, કરીને સોંપો કામું
દાશ હું કરી દુખાન; નીત્ય લખુ નીજ નામું. ૬
ઉધરાણી ઘર ઘર, કરવી ન મુખથી સાધે;
મન ધ્રુજે થર થર, બોલ લોકના બાધે. ૭

નીકમ ન રહ્યો તાસ, અર્થ નથી કઇ સરતો;
કળીનો આવ્યો કાળ, કઠકડાટ બહુ કરતો. ૮
વીપરીત મતી વિપરીત; કહેવા લાગ્યા સહુની;
પરમારથી પ્રીત, બહાર ભગી ગઇ બહુની. ૯
ઉતમ ચારે વરણ, ઉત્તમતાને મુકી;
કરે આચાર સરણ, ચીતન કુળનું ચુકી. ૧૦
વાડવ વિદ્યાવાન, થઇ માગે ઘેર ઘેર ડોલે;
શાસ્ત્ર તણા અનમાન, નહિં પણ આશીશ બોલે. ૧૧
વિદ્યા ભણી ન વાદ, પંડીત કરે પરસ્પર;
શી એ હરની સ્વાદ, ફરે ભોલા સત્વર. ૧૨
બાંધે જન્મ વેતાન પણ લોભે રહી કરમાં;
સમજે નહીં સિદ્ધાંત, ભટકે ભવસાગરમાં. ૧૩
ક્ષત્રી પરહિત પેર કામ કારણે કરતા;
જરને માટે ઝેર, મમતમાં નિત્ય મરતા. ૧૪
વીણજ કરીને વ્યાજ, ગરીબ જનનું ગમિયું;
કરે અવળાં કાજ, અંતે મનડું ભમીયું. ૧૫
શાસ્ત્ર તણી નહીં શાન, વામ મારગે ચાલે;
કરીને હીણા પાન, મોટા થઇ મહાલે ૧૬
માગણ મૂકી નાર, ઉચાટ ન આરાધે;
ઉત્તમ થઇ આચાર, સુવરણ મઠ સાધે. ૧૭
ઊંધા અડદ ઉપાન, મધુ મહીષી ને મઢાનું;
કારણ લે છે દાન, કળી સામે કંઇકંઇનું ૧૮
શુદ્રાદીકને હેર, શાસ્ત્ર શીખાડે જઇ;
પરમ ધર્મની પેર, વીપ્ર બણી ગઇવહીન. ૧૯

એકાદશીનું અન્ન, બ્રાહ્મણને પણ ભાવે;
ધણીને તેય જો ધન, ઘર ઘરનું વેચાવે. ૨૦
મસ લઘુશંકા ભીંટ, દેખતાં જ્યાં દીસે.
એ ઠેકાણે ઇંટ, માંડી મગાળી મીસે. ૨૧
રાગા કરે રૂદન, હાથ વાળીની કુમચે;
આરોએ ત્યાં અન્ન. કોણ કોણને કહીયે. ૨૨
રડતા રાજદ્વાર, પંડીત થઇને પડ્યા;
દેવડીએ છડીદાર; સહીએ તેના ધક્કા. ૨૩
તોપણ નાવે લાજ, ઠોકર મુકે કાઢી;
વર્ષાસનને કાજ, દરબારે જાય દાઢી. ૨૪
નાત નાતનો નિત્ય, બહુ કરે બડબડતા;
વર્ષા ઉષ્ણ ને શીત, વેઠી વટે વઢતા. ૨૫
અન્ન તણા મુખ ગ્રાસ, તોપણ બોલે ગાળી;
દામતણા થઇ દાસ, પેટે મારે પાળી. ૨૬
વૈશ્વદેવ નૈવેદ, બ્રહ્મયજ્ઞ કે તર્પણ;
ભુત બળીનો ભેદ, જાણે બ્રાહ્મણ ૨૭
સસરા કહીને ગાળ, પુત્ર પૌત્રને દેતા.
ઉગે ચડાવી આગ, [illegible] પટેલ થઇ લેતા. ૨૮
એક નોતરે ચાર, જમવા ટાણે જાતા.
ન જુવે વરણાચાર, સહુને ઘેર [illegible] ખાતા. ૨૯
એવા લગાણ [illegible], પરનુ ખાવે [illegible]
રાત બધી રબારાઠ વાણે નાખે [illegible]. ૩૦
પણાંદુ [illegible] કલીંગ, મધુ [illegible] ગાજર.
આફીણ તમાકુ ભંગ, વ્યસન કરવામાં હાજર. ૩૧

બેઠા નિત્ય બજાર, બ્રાહ્મણ નિદ્યા સાધે;
સગાં સગાંમાં ખાર, કળહ કરીને બાંધે. ૩૨
પરનાતીની રાંડ; નીજ નાતોમાં ઘલે;
દામે ડગીકી ડાઢ મનને માને ચાલે. ૩૩
ઘરમા ક્ષીમા ખાય, સરખા થઇ સબંધી,
કુળીન જમવા જાય, ત્યાંડ ધાકની બધી, ૩૪
તજી સંતાન સધ્યાય. ભાવ ભાવ્યું ભમણુ,
ચિતમાં નીત ચહાય, પુવે જીયાનુ જમવું ૩૫
વાટે વાટે વ્યાસ. થઇ માણ વજાડે;
પાંચેક બેઠા પાસ, તેહ તાળીઓ પાડે. ૩૬
શ્રીતી સ્મૃતિની વાત કાળ જીવ ઇશ્વરની;
જાણે નહી કંઇ જાત, રાગ તાળકે સ્વરની. ૩૭
પીંગળ રીતે છંદ, કવિના કરયા ન જાણે;
પોતા તણા પ્રબંધ રચી રાગડા તાણે. ૩૮
નાતરીયાની વાત, કેરીને રેટીડા;
ગતાં સ્યાગા સાથ, કરે કટાક્ષે કોડા. ૩૯
અગુણીયે અંગુઠ, બંધી ગાગ ઉછળતા;
મોટા થયાનો મુઠ, બીજા મરેછે બળતા. ૪૦
જજમાનોથી રીસ, કરીને દાપુ લેતા;
નાળીએર શીડી શીસ, રૂધીરે થાપા દેતા. ૪૧
કઇ ધન કાજે થાય, વોહોરાના વાણોતર;
કઇ કાશીયે જાય, કઇ ભીખતા ઘરઘર. ૪૨
કઇક નાંખતા ટેલ, કઇ વીટણીયો વીંટે;
કઇ હાંકતા બેલ, શકટ ભરીને ઇટ. ૪૩

કઇક કરંતા રાસ, નારી રૂપ થઇ નાચે;
મશકરીચોથી હાસ, કઇક કરાવે સાચે. ૪૪
કઇક પાણી ભરનાર, કઇક રસોઇ કરતા;
કઇ હોઇ નાકાદાર, કઇક કરોડો ફરતા. ૪૫
કઇ લે ભરીને દામ, સરપાણ સકટ ઇજારે;
કઇ સેઠોના કામ, બેઠા કરે બજારે. ૪૬
એક નાતમાં નાત, કહિયે બીજી કંધી;
ગ્રહસ્થ ભિક્ષુક જાત, દીકરીયો નવ દીધી. ૪૭
નમસ્કારની રીત, તજી સલામો કરતા;
પરનાતીની પ્રીત, મનમાં કદી ન ધરતાં. ૪૮
વાડવ થયા વકીલ, ઘર ઘર કેરા ઠાકર;
દીવ્ય વધારે ડીલ, યવનતણા થઇ ચાકર. ૪૯
ફરશાંયોનો હક, વસ્ત્ર વિપ્રની વાણી;
ગજલ રેખતા તરફ, ગનતા દોડા ગણી. ૫૦
દીકરીયોના દામ, રૂદયે લાગ્યા રસીયા;
કરે કારમાં કામ, કેશ ઘરે કાનશીયા. ૫૧
બેસે બણીને બેશ, ચકલે ડમર હાંકે;
અરધ ઉઘાડે કેશ, તારૂણીયોને તાકે. ૫૨
કઇકે કીધાં કામ, વેગા જોઇને વંડો;
નીચ જનોને નામ, આપી બાંધે કંડી. ૫૩
કઇક પુજતા પીર, અવલોકે જઇ ઓરસ;
પયમાં નાંખી નીર, કઇ વેચંતા ગોરસ. ૫૪
કઇ પરણેલી નાર, પ્રહાર કરે ત્યાં પેખી,
કઇક કરે વ્યભીચાર, દાર પારકી દેખી. ૫૫

આઠે વર્ષે સાન, કઈકે મુકી ઘરાણે;
વાંકુ થઈ વિદ્વાન, ફરી ફરીને પરણે. ૫૬
ન થે કાઢયો નરક, પોતે પાછો ફેરી
અટાઈમાં ગરક, બાવા થઇને. એરી ૫૭
વાડવ ઉપર વેર, આરડુ તેં સ્થાન આણ્યું;
કળોએ કીધા ફેર, કારણ કાંઈ ન જાણ્યું. ૫૮
ભલા તમે ભગવાન ફરી હઠાવો હાનાં;
ગોવિંદ આપો જ્ઞાન, તુચ્છ બ્રાહ્મણને માની. ૫૯
આ અવસર આ લોપ, થઇ જગમાં કચમ ઝીસે;
કરિને કરડો કોપ, કળિયે લાંબો કીલ્લો. ૬૦
નરપતિ થઇને ન્યાલ; પુછે જોઇ ન મીચે;
ધન લેવાને ધાય, અનર્થે કહીનો ઇચ્છે. ૬૧
વિપ્ર વપુનો દંડ, દેતાં ધ્યાન આવે;
પેખે પગ્ર પાખંડ, લાંચો લઇ લલચાવે. ૬૨
કઈક વધારી કર, રાંક લોકને રગડે;
જ્યાં જ્યાં દેખે જર, બુદ્ધિ ત્યાં તો બગડે. ૬૩
પરદારાનો સંગ, રાતે તેથી રમતા;
ધાર્મી ન જુવે ઢંગ, લક્ષ જનોને દમતા. ૬૪
કુડી ધરડા કાન, ચુગલ જનને ચાડી;
ઘટવા લાગ્યું જ્ઞાન, દમી સંગે દહાડી. ૬૫
વેદ શાસ્ત્રની વાત, કદી ધરે નહીં કાને;
રાજી રહે દીન રાત, ગુણકા કેરા ગાને. ૬૬
ગૈ બ્રાહ્મણ પ્રતિપાળ, કદી કરે નહિ કુછ;
રાખે નહિ સંભાળ, ભકતજનોની સુધ. ૬૭

શાક ભાજીયો ફળ, એ પર અંત ઇજારા;
વળી બતાવે બળ, ઓળીગાળા ન્યારા. ૬૮
કપટ શાકટથી ઠાઠ, કેટલાક તો કાઠી;
ઠઠ્ઠા ભારે સાઠ, ફરવાનાદિક દંડી. ૬૯
વર્ષ વર્ષે સુબાઇ, ઇજારદારી વધારે;
રઇયત રૂવે રગડાઇ, કો આગળ પોકારે. ૭૦
ચોરે જણાવે તોર, દોડાવીને ઘોરા;
રાતે આવે ચોર, ઘર ઘર પડે દગોડા. ૭૧
ચોરોના અસવાર, બાન પકડતા લુટે;
દરવાજેથી બહાર, વહાર કરે નહિ પુઠે. ૭૨
દરવાજે દરવાન, રાંક જનોને રોકે;
કોઇ ધરે નહિ કાન, રડે બીચારા પોકે. ૭૩
અન્યાઇના દામ, લેઇ ઠરાવે સાચા;
ન્યાઇયા લેજો નામ, તો તો હાંસું તમાસા. ૭૪
રાજ્ય તણાં સંતાન, રાય આપણને માને;
દુશમનું થઇ દાવાન, કેદ કરે રાજાને. ૭૫
થોડો લેઇ અપરાધ, મંદિરોમાં ન માગે;
ભગવંતનો બાધ, કરી શકે નહીં કમારે. ૭૬
વરતાવે નહિ ધર્મ રઇયત જનની રીતે;
શોતે પણ સતકર્મ, કદી કરે નહિ પ્રીતે. ૭૭
છાય જનને આંચ, વિષની નીચે દમતા;
વરસ બાર કે પાંચ એટલામાં આથમતા. ૭૮
કળીયે કોઠા ફેર, જેમ કુટીલ રાકું;
માણસ મુળીનો મેહેર, જોઇ પોતાના બાકું. ૭૯

વૈશ્ય કરે વીપરીત, તોલ ન સાચા તોલે;
પરમારથની પ્રીત મુકી, મગદળ ચોળે. ૮૦
બાર પાણનો માલ, વીશ પાણ વેચંતા;
દોડાદોડ દલાલ. કળહળ કૈંક કરંતા. ૮૧
કહે ધર્મના સમ, ધર્મ ઘસરડે ધુળે;
તોએ ત્યગનું ત્યમ, મરદી નાંખે મુળે. ૮૨
હેતરવી થઇ હાણ. કગીને લેજો ખશીયે;
વદે પરસ્પર વાણ, પોતાની પારશીયે. ૮૩
દમડી માટે ગાળ, મુખથી માને દેતા;
એક એકની આળ. જઇ દરબારે કહેતા. ૮૪
શાણું થઇને શેઠ, પાન તમાકુ ચાવે;
વડા પાસે વેઠ, કાયા તણી કરાવે. ૮૫
લેઇ આપ્યાની આશ, મનમાં ફેરી ન રાખે;
દામ તણા થઇ દાસ, ભુંડુ મુખથી ભાખે. ૮૬
જતી ગુરૂ બ્રાહ્મણુ દેવ, ગોસાંઇ વિધવાના ધન;
સંચરવાની ટેવ, અંતે ઓળખ્યાનું મન. ૮૭
ચાર નામની ઘેર, થઇને કરતા કાળુ;
છેરવી કઇના જર, દેખાડે દેવાળુ. ૮૮
મનમાં રાખે મેલ, મુખ જણાએ મીઠ;
ધ્રામાં ઘલી તેલ, દેતા કઇ ન દીઠા. ૮૯
કહી બતાવે કાંય, આપે વસ્તુ બીજી;
મગન થએ મનમાંય, તાળી આપે રીઝી; ૯૦
વઇસ્નવ થઇને વેશ, અગળાને આરાધે;
કરે ધરમનો દ્વેશ, શિવની નિંદા સાધે. ૯૧

સમર્પણી થઇ સ્વાદ, શીરા પુરી જમતાં.
ગુરૂનો લઇ પસાદ, રમા સંગે રમતા. ૯૨
વિપ્ર અડે જો અંગ, છુરાઇ જઇએ થુંકે;
ઉરમાં અતિ એ નંગ, માની જાણી ન મુકે. ૯૩
સાચા મનથી શરણ, ગુરૂ ચરણે નવ રેહેતા;
કરે અધર્મી ચરણ, કલ્પી કંઇ મત કેહેતા. ૯૪
અજ મુકાવી ધન, હીંસકને ચવરાવે;
માણસ લાયક અન્ન, શ્વાનોને ખવરાવે. ૯૫
જીવ દયા પ્રતિપાળ, થઇને કરે ઇજારા;
કઇનો અણુ કાળ, શ્રાવક થઇને સારા. ૯૬
ધર્મ એટલો લાભ, બોલે પણ નવ પાળે;
ગર્ભણિયોના ગાભ, ઔષધ આપી ગાળે. ૯૭
પરધનથી પરતંત્ર, સમજે નહી શીખામણ;
જપે મુડના મંત્ર, કંઇને કરતાં કામણ.
પરનારીને સંગ, પ્રીતે મનમાં પેસે;
અળંકારથી અંગ, સરસ સમારી બેસે. ૯૯
વેદ વિનાના ધર્મ, વાંચે નિત્ય વખાણે;
ક્ષણચંદ્રનાં કર્મ, જીવ સરીખાં જાણે. ૧૦૦
કળિ એમ કચર ઘાણ. કરિને પિડે પ્રાણી;
ક્ષણ કરો કલ્યાણ, ઉર અપનો જાણી. ૧૦૧
દંભી જનનો દાસ, થઇને શીશ નમાવે;
વિઠલ તણો વિશ્વાસ, શુદ્રોને ગન ભાવે. ૧૦૨
ઉત્તમનાં આચરણ, કનિષ્ટ થઇને કરતા;
સજજન જનનું શરણ, ઓળખી નવ આચરતા. ૧૦૩

રાજ સેવાની રીત, જાણે નહિં પણ રાખે;
મુખ માંહેથી નીત્ય, ગમો અથો ભાખે. ૧૦૪
દેખે પરની નાર, રૂપાળી મન માની;
દંડ ભરી દરબાર, તે છરાવે છાની. ૧૦૫
સંતાનોના સહીત, અષ્ટ મંગળે આણો;
નારી પામે નિત્ય, જગ છુટ્યો એમ જાણો. ૧૦૬
ગરીબ કેરૂં ઘર; ઉજાળીને એ લે;
છતનો વાધે છર મેલા થાશે મેલે. ૧૦૭
નવ ઠેકાણે જઇ આવે દશમે દ્વાર;
કાંતો તેને કહી, સુવરણથી શણગારે. ૧૦૮
પાપી પંડ માણામ. બ્રાહ્મણને નવકરતા;
દુઃખે જોડી દામ, દરબારોમાં ભરતા. ૧૦૯
લેખી ન જુવે લેશ, નિર્મળ જનને નાગા;
નિત્ય બનાવે બેશ, દેવ મંદીરે વાગા. ૧૧૦
જાત્રા જાતાં સંગ, જમરા બેલ જોડાવે;
જેમ વગડ્યુ હોય વંગ, ત્યમ ગાડી દોડાવે. ૧૧૧
મલીન મેલ મન સત સંગીત ન સુજે;
કલ્પિત ગાય કીર્તન, જાત જાતને પુજે. ૧૧૨
ગૌ બ્રહ્મણને દાસ, કરિને ધર્મ દ્વાવે;
સોના બ્રહ્મણ પાસ, કાણમી થઇ કરાવે. ૧૧૩
અગું હોય જો જર, તો તો તાણા તાણાવે;
વળા ઘરેણાં ઘર, ચાનક કરી ચણાવે. ૧૧૪
શુદ્ધ ધર્મની વાત, હઠથી પાણી હેડે;
જમે જમાડે જાત, જણ્યાં જમાઇ તેડે. ૧૧૫

કઉતક સરખુ કામ, કળિયે કીધુ ભારી;
રક્ષા કરજો રામ, પ્રજા પોતાની ધારી. ૧૧૬
કડીયા સુતાર મજુર, વચન પ્રમાણે ન ચાલે;
જોખમ કરે જરૂર, ઘર કરતાં ઘર ઘાલે. ૧૧૭
સોની દઇ વિશ્વાસ, કાલને વાયદે કનુ;
આપે આઠે માસ, સોનાનું કરી સુનુ. ૧૧૮
ધોબી સાળવી સઇ, ફાડી વસ્તર સાંધે;
રોક મજુરી લઇ, પણ પોતાનુ રાંધે. ૧૧૯
વઇદ થયા વાલંદ, શાસ્ત્ર વાત સંતાણી;
સાઇસદ કરી સાણંદ, પાય મંત્રીને પાણી. ૧૨૦
બ્રાહ્મણ વિના અનંત, ગ્રહસ્થ થઇને ભીખે;
શેરિયે શેરિયે સંત, ટેલ નાંખવી શીખે. ૧૨૧
વૈરાગી ગોસાંઇ શસ્ત્ર અંગપર ધરતા;
મારે માંહો માંહી, મમતા માની મરતા. ૧૨૨
અંતરમાં અભિમાન, ખાનું હરિનું ખણિને;
ગાડે દીજનું ગાન, બ્રહ્મણ પાસે ભણિને. ૧૨૩
ઉઠાડી વરણ્ અઢાર, વૈરાગીને વેશ;
ગામ ગામને બાહાર બાવા થઇને બેસે. ૧૨૪
કરિને ચારે ધામ, પુજા કરે પુજારી;
દેવતણો લેઇ દામ, નિકળી જાએ નારી. ૧૨૫
દઇ બ્રાહ્મણને ધન, ભારે વિદ્યા ભણતા;
વળતા વ્યાસાસન, બેસે સીધજ બગતા. ૧૨૬
તિલક છાપને માળ, ધરિને કરથી ખેંચે;
કણોક ચોખા દાગ, કઇના લાવી વેચે. ૧૨૭

કરમાં લે નહી દામ, મોટમ રાખે મઝા;
લઇ પુસ્તકનું નામ, જર લે કઇના ઝાઝા, ૧૨૮
માંડીને ઘરબાર, લેટ માગતા વઢાણે;
લાવિ લાકડાં ચાર, જમિ આવે જ્યાં જાણે. ૧૨૯
વિઠલજીના વેષ, હીંડે વિકળ વગોતા;
મુંડાવીને કેશ; જરને હીંડે જાતા. ૧૩૦
ફકીર થઇને ફરી, ભાલાનું કર પકડે;
પઇસા લે કરી બળ, રાંક જનોને રગડે. ૧૩૧
ગઉ બ્રાહ્મણને ત્રાસ, વધતો દિનથી વાધે;
રૂડી વસ્તુની આશ, સઉ લે સાતે સાંધે. ૧૩૨
અંબુ વરસે અલ્પ, તે પણ નહી મુખ માગ્યું;
સત્યે રહ્યું છે સલ્પ, તે પણ જાવા લાગ્યું. ૧૩૩
ભલા પુરૂષને ભાઇ, ભાળે છળવાઇ કેરાં;
ડાહ્યા ડાહ્યાપણ માંહી, થઇને કરે અનેરાં. ૧૩૪
પ્રથ્વી પાણ ગળી જાય, ધન દાટ્યું કર નાવે;
રગડે નિત્યે રાય, જયમ જે જનથી ફાવે, ૧૩૫
પિતા પુત્રમાં વેર, ભાઇ ભાઇને ભાંડે;
જાત જાતમાં ઝેર, સુખ કો કોયિ ન માંડે.
સગા સહોદર સાથ, વાંધે વેર વધારે;
નર થઇ નારી હાથ, મિત્ર પિતાને મારે. ૧૩૭
પુરાણ પાપે તન આ અવસરમાં આવે;
લેઇ તાતનુ ધન, અંતે બહુ અથડાવે. ૧૩૮

સુભાસ

કવી સામળ ભટના બનાવેલા છપા

સરસ્વતીની પ્રારથના દોહરા.

શ્રીમુખ શેવું સારદા, બ્રહ્મ સુત બ્રહ્મ રૂપ, બ્રહ્મ વિદ્યા બ્રહ્મ વાદિની; ભમે ભોળતા ભુપ, દંડ કમડળ ધારિણી, વીણા પુસ્તક પાણ; જેને તૃઠિ સારદા. વદ ને અમ્રત વાણ. પામરને પંડીત કરે, વિશ્વમાંહી વિખ્યાત. કિંકર સુખ કવિતા કરે, તે તુ સારદા માત. જયદેવને કીધો કવિ, કીધો કાળીદાસ માધને મઘવા તેં કરયો, એવી વાણી વિલાસ.

છપા

મારકંડને માત, જોહો મકારે તુઠી; ચંડીપુરાણ ચો લાખ, વિદ્યા અમ્રત ઘન વુઠી, શુકદેવ વેદ વ્યાસ, પુરાણ અષ્ટાદશ કીધાં; બ્રહ્માને તુઠી ભાવ, વેદ વ્યાકરણ શુભ સીધ્યાં. એવા લક્ષોકે કેટીધા, કવિ કેહેવાણા મહામતિ, સુખ સાગર સામળ ભણે, કૃપા કરી મહા સરસ્વતી. મંત્ર જંત્રને તંત્ર, ઇષ્ટ ઉપાસન આદે; કથા કીરતન કવિત, વ્રત વિવેકથી વાદે, અડસઠ તિરથ અનેક, મહાપુન્ય સ્થળ મહિમા, બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર, તત્વ ત્રિલોકી સીમા; એ સરવેને ઓળખાવીયા, કા ।। થી કેહેવાયા કવી, સરસ્વતી મોટાંછે સરવથી, ચઉદ વિ

થા ૬ નીત નવી.

દોહરા

કેક કોટી કે ભક્ષધા; કંઇ થયા કંઇ થાય; શિવના શેવક શામળો, કીધો પંડીત રાય. મીતે સારદા પ્રણ મુ. હંસ વાહની જેહ; વેણા પુસ્તક ધારિણી, તરણી વધતુ તેજ, કવિતાનો શો આશરો, સારદ કેરૂ શર્ણુ; મહીગા મહા માયા તણી, વાયુ વશ જેમ તર્ણ; જેનુ ની સારદા, નેક રહી શી ન્યુન; કવિ કહેવાયે કલ્પતરૂ, પ્રગટે મૈઢા પુન્ય.

ગણપતીની પ્રાર્થના

દુંદાળો દુખ ભંજનો ગુણ નીધી ગુણ ગંભીર; ઇ શ્વરથી ઉત્પન હવો, પરમ ધુરંધર ધીર. સીંધુર અં ગે શોભીતુ, મોદક અન્નત અહાર; ગજવદનો ગરવો ઘણો, દેવ વડો દાતાર.

છપ્પા

સીદ્ધી બુદ્ધી છે નારય, લક્ષ લાભ બે પુત્ર; શિવસ રખો શિર તાત, ચીતામણીના ઘર સુત્ર, આદ્ય શક્તિ ઉમયાય, મહા માયા છે માંડી; ક્ષેમ કલ્યાણ જમાત્ર, ખાણુ રત્નોની ખાંડી; બ્રહ્મા વિષ્ણુ રવી રૂદ્રથી પ્રથ મ પુજ્ય ગણપતિ તણી. સામત કહે શેવો સહુ, સુ ખ સાગર શિખા ઘણી.

રામચંદ્રજીની પ્રારથના દોહરા

રાજીવ લોચન રામજી, મુક્તી દાતા મુળ; કોટી કો ટી પાતક મટે; ટળે સંકટ શુળ, રામ રટે રસના વ

કે, વળી જે વારંવાર; એથી અન્ય બીજો નહી; મુક્તી તણો દાતાર. તારણ તરણ ત્રીલોકમાં, તારક મંત્ર કેહેવાય; જમને શીર પગ દઇને, જરૂર વૈકુંઠ જાય.

સીતાપતિ શ્રીરામ, નૃપ દશરથનો નંદન; ભકતવત્સળ તે ભુપ, વિશ્વ સહુનો એ વંદન; કઉશળા કુળદીપ લક્ષમણ લધુ બંધવ લાયક, વરણવે ઉચરે વેદ, નિગમ આગમનો નાયક; એક બાણે મારી તાડિકા, રાવણરણમાં રોળીયો; અતિબળી ઇંદ્રજીતને, ચાંચાણવત જેને ચોળીયો, કોટી બ્રહ્માંડનો નાથ, સત તણો એ સત્વ, સતકોટી રામાયણ, તેમાં અક્ષર બેતત્વ, કોટી જન્મનાં પાપ. બેજ અક્ષરથી બળશે, લખ ચોરાશી ખાણ, જનમ મરણ દુઃખ ટળશે; રામ નામ વિના મુક્તી નહી વેદ પુરાણે વાચજો, સુખ સાગર શામળ ભણે, સત્ય ગણીને સાચજો.

છપા.

અન્ન જગત આધાર, અન દઇવત એ મોટુ; અન વગ ન રહે જીવ, અન્ન વણ સરવે ખોટુ દવદાનવ રંક રાય, જીવે સહુ અન્નને જોરે; અન્ન ઉપાવણ, સરવ અંધારૂ ઘોરે, પાલણ પોષણ મથની નિશે કર્તા નામ કત કરણાં; શામળ કહે શેવો સહુ. આદ્ય શક્તિ અન્નપુરણા. સીતા રામ તે એહ, એ શ્રી રાધાકૃષ્ણ: એ ઉમીયાનો ઇશ, પંડીતે કીધુ પ્રશ્ન એ રોહિણી એ ચંદ્ર, એ બ્રહ્મા સાવીત્રી; મંત્ર જંત્ર એ તત્ર, એ ગુણનીધી ગાયત્રી. અનપુરણા સઉની ઇષ્ટ છે, બુદ્ધિ

વંતા જન બુઝશે; શામળ કહે અન આધારથી, સરવે વિદ્યા સુઝશે. અનપુરણા વડી માત, જગત જીવાડન જાણી; અન્ન વિના સહુ સુન્ય, પ્રથમ જીવે નહી પ્રાણી. અન્ન વિના સુખ અલ્પ, અન્ન વણ ચરણ ન ચાલે; ભાવે નહી મન ભકતી અન્નવીણ મોજ શી માહાલે; અન્ન વિના ઇશ્વર વાહાલો નહી. જ્ઞાન તાન ગુણ નવ ગમે; શામળ શેવો અન્ન પુરણા, સકળ દુખ એથા સમે. ૨૬

છપા

તમ ઘેરત્રીજોવાર, પ્રથમવારનિત્યેપુજે; ચતુરજ્ય મચોચોવાર, સત્યવાતેશુભસુઝે: પસન્નપાંચમોવાર, વિમળજસ વિદ્યાવાધે, છઠાવારનીછત્ય. શોભાશતરૂની સાધો, શાતમો વાર સંકટ હરે, અધિપતી ડાહ્યા અંશને, આશીરવાદ કવી કહે, મનજી વાસણ વંશને'

છપા

હંસવાહની હીતકાર, મયુરવાહની મહિમા; કુરકુટ વાહનીકલ્યાણ મેઢક વાહનખ સીમા, મ્રગ વાહન દે માન કીર વાહન કરયા કામો; શારદુળ વાહની જેહ, નેહ ઘણો શીર નામો; ઉંદર અશ્વને ઇમયે અરૂડ વ્રખભ છે જેહને; કલ્યાણ કોર કૃપા કરે શામળ કહે આશીશ એહને. ૯

છપા પુત્ર વિના નહે મોક્ષ પુત્ર વણમેહેણુ મોટુ પુત્ર વિના દે દોષ, પુત્ર વણજીવિત ખોટુ પુત્ર વિના પરિવાર; વિશ્વ માંહી નર વાધે; પુત્ર વિના સં

સાર શ્રાધ ગયા કુણ સાથે; અરથ ગરથ કુણ ભોગવે, ઘણું દ્રવ્ય પાણ ગાંજીયો; બાળ અવતાર બાળક વિના, વિશ્વ કહે સહુ વાઝીયો;

૭૫।

નારી વિના નર રંક દામણો દીશે દેહે; નારય વિના નર રંક, ગ્રહસ્થ ગુણહીણો ગેહે. નારય વિના નર રંક. ધનનવ ધીરે કોઇ; નારય વિના રંક, સગતં જ ન નીંદ જોઇ; નારય વિના નિરબળપણું, ભોગ કહોશા ભોગવે; અયુત અવગુણ ભાસે ભરયા, જોખમ ઝાઝું જોગવે. નારય તે નરનુ અગ, સુખેથી ઇચ્છે શેવા; પુન્યમાં થાય વિભાગ. લાભ થશે રૂડો લેવા; સ્ત્રિથી હોય સંતાન, ધર્મ બુદ્ધિ તે ધારે પ્રગટે પુત્ર સપુત્ર કુળ ઇકોતેર તારે; શુદ્ધ કુળની શામા મળે સ્વામીને સુખદ સતી; એમ વિચાર્યું શેઠીએ, મન મધ્યે ધારી મતી. પરણવા ઉપર પ્રીત થઈ તે નરને પુરી કોનેનવ પુરી થાય સહુને રહે અધુરી; આશા નીર અઘાત વિસ્વ તેમધ્યે બુડયુ, શાહા રાયને રંક, કયરપી કીયરને કુડુ. સુરપુર પડિંત સહુ, ભણ્યા ગણ્યા ભુલા ભમ્યા; આશા રૂપી અરણવ જળે, શામળ કહે તેમાં શમ્યા. ગળેઅધીકુ અંગ, ગળે નાશીકાને નેણ; ણ; ગળે મુડને તુંડ, વિપરીત બેલાચે વેણ; અતિત ક્ષીરની માંશ, સકી નવ ચાલે ચરણે; ધાતુ સરવનો ધાંશ, શુણે નહી કુંડિત કરણે ઈદ્રી બાંધી અડવડે, આહાર નીંદ્રા છેવટ ગઇ; શામળ કહે તૃષ્ણા ત્રપા

તોય માયા છુટી નહી.

જરવીશેછપા

જર ત્યાં જોમન રૂપ, ભુપવશ જરને જોરે; જર ત્યાં સઘળો જોખ. ટેક તરતીબવત તોરે; જર તે ઉંચ અમીર જર તે વિદ્યા ભણીયો. જર તે રૂપ સ્વરૂપ, જર ગુણ સઘળા ગણીયે; જરને સગો યશ વશો. જર જોરથી દુઃખ જશે; શામળ કહે જોર એ જર તણુ. જરથી કાજ સઘળાં થશે. દમડાં વિના દરિદ્ર, કુળવંત કીકર કહેવાયે; રિદ્ધવિના બહુ રંક, પ્રતિષ્ટા દુર પળાયે; ડાહાપણ વિનય વિવેક દામ પાખી સહુ ડુલ્યાં, પેદા ન કરયુ દ્રવ્ય, શાસ્ત્ર ભણીને ભુલ્યાં; સુન્દર ઘડ ધીર નરવપુ વરણાગી વાંકડાં. શામળ કહે સંસારમાં, રિદ્ધવિના નર રાંકડા.

છપો। સીતા શખી સુભ રૂપ, રાવણ રણમાં રોળાવ્યો ઇદ્રજીત કુંભકર્ણ ચાચણ વાત તેતે ચોળાવ્યાં દ્રપદી સખી નારય, સતીપણુસારવે થાપ્યું. અઢરે ક્ષોહણી સઇન્ય, કુળ કૈરવનુ કાપ્યુ માયારૂપ એ માન્યની, એકલી મુકે અનરથ થશે; વિચાર કરયો મન વાણીયે, વ્રદ્ધપણે હાંશી હશે,

છપો।

ઇદ્ર સરખો અધિપત્ય ઘેર રાણી ઇંદ્રાણી; અહલ્યા સાથે સંગ; કરતાં ભ્રાંતી નવઆણી; ચાતુર નરજે ચંદ્ર, રામા ઘેર રોહાણ સરખી;તેણે તારા એક વાર નેહ કરીને નરખી; પાપ પુન્ય પ્રીછયો નહી; ગુરૂ પત્ની પો

તા તણી ક્ષીણ દેહ આપે થયો; નક્ષત્ર મંડળમાં જે મણી. ૧૨૪ એનાથી લક્ષ કરોડ; ધાર અધારે મળી યા; કઇયા કીચક શત ભ્રાત એક ચિતામાં બળીયા;શ્રી કૃષ્ણ સરીખા દેવ; કુડીકુબજાને શોધી; માન્યતની રૂપ મોહોજાળ; જગતમાં જાણો એવી; ભામ્યનીએ સહુ નેભોળવ્યા,દેવ ગાંધર્વને દાનવી, શામળ કહે જીતવાજુ વર્તીયે. કુણ માત્ર છે માનવી.

છપ્પા—નાર તે નીચ સ્વભાવ, ન રહે પોતાને ધરમે; નાર તે નીચ સ્વભાવ. કલંક કહાવે કુળ કરમે. નાર તે નિચ સ્વભાવ, લાજ મરયાદા ન મીછે, નાર તે નિચ સ્વભાવ, અન્ય નર અંતર ઇચ્છે; નીચમાંનિચ તે નારીયો, પશુ જોડે પ્રીતડી; શામળ કહે સ્ત્રીયો સમસ્તને રૂડી નહી એ રીતડી.

છપ્પા—વણ રૂતુ વરસે મેહ, તેથી તો ધાન નપાકે; પરાક્રમ ન મળે પુર શત્રુ કોહો શોણ થાકે; પેહેલી વીશી વિદ્યાય ભાવ આણી નવ્ય ભણીયો વ્રદ્ધ પણે વિવેક, શાસ્ત્રનો બોધ ન શુણીયો, ગયો અવસર આવે નહિ નર નારી તે નડે; પ્રથમ જુઓમીછયા વિના વળતી હાથ ઘસવા પડે.

છપ્પા સોકયના દુખ વીશે

—વિનય થકી વિવેક, સજન સઘળામાં શોભે; વિનય થકી વિદ્યાય સ્થીર થાવર તે શોભે; વિનય તણુ વિખવાદ કરે નહી રંક કે રાજા વિનય મોટો છે વિશ્વમાં, વિનય ધરમ મારગ ધરો; શામળ કહે વિદ્યા

વશીકરાણ વીનય મહિ આવી વશે.

છપ્પા—રાજાને એક સાલગામ ફટઇઆ ફુટે; પ્રજાને એક સાલ વાણ વાંકે રાજા લુંટે; વ્યાપારી શીર એક સાલ; વસ્ત્ર પઢંતર નાંખે, ભરતાર શીર એક સાલ, ભામની જો ભુડુ ભાખે; મુરખને સાલ વિદ્યા તણુ દુઃખ બકારી ઓકયનુ શામળ કહે શાણા માનજો સ્રીને સાલ એક સોકયનુ. સ્રી કહે ભલી અનાથ તેથી તો મોત ભલેરૂ; ભલાં હીણા હાથ એથી નહી દુઃખ અનેરૂ; ભલી વિધવા કે વંઝ ભલી ગુણકા કે ઘહેલી ભલા દરીદ્ર દસ્ય ભલી સોહાગણ સેહેલી માહા દાવાનળી દુખાણી, ચંચળ ચીત પણ ચોકયનુ શામળ કહે શાણા માનજો સાલ શ્યામાને શોકયનુ દરીદ્રને મોટુ દુખ મન માન્યુ નવ થાયે; કાશદને એક દુઃખ; નિત્ય વિદેશે જાયે; દુનીયામાં એવુ દુઃખ વરસાદ જય રેનવ વરશે વંઝાને એક દુઃખ તનને કાજે તલશે; કુંવારાને દુઃખ સ્રી તણુ સરવને દુઃખ ભુખનુ; શામળ કહે પાર પીછુ નહી સ્રીને શોકયના દુઃખનુ આંધાને દુઃખ આખ સારૂ ખોટુ નવ દખે, બેરાને દુઃખ કાન રાગ પુરાણ નવ પેખે રોગીને દુખ રોગ ભોગ એકે નવ્ય આવે; ભીક્ષુકને એ દુખ નામ ભીખરી કહાવે; એવાં દુખ અનેક છે પંગા ને તો પગ તણુ શામળ કહે સ્રી સર્વને સોકય દાવાનળ દુઃખ ઘણુ

છપ્પા સતકીરો

તુલ્ય કંચન કથિર, સુખ દુખ સાચુ ને જુઠુ; રા

ય રંક બે એક, એક તુઠયું એક રૂઠયું; શતરૂ મિત્રસ માન, સમાન દેવ્યા કે દાશી; સમાન અમ્રતને વિષ, સમાન કુચ્છીત કે કાશરી, સમાન પાષાણને રત્ન પ ણ, સમ ન વસુધા વૈકુંઠ વશા; શામળ કહે જન્મે ન હી, જે નર જાણે બ્રહ્મદશા. સમાન અગ્નિને નિર, સમાન વાહાલો ને વેરી, સમાન કુંજરને કીટ, સમા ન મરદને મેહેરી. સમાન તડકો ને ટાહાડ, સમાન જ શવંત ને જોગી. સમાન પાપ ને પુન્ય, સમાન ભી ક્ષુક ને ભોગી; બ્રહ્મ વિદ્યા બારે ઘાણી, કરોડવાર શું કહુ કથી; શામળ કહે સંસારમા, બ્રહ્મ જાણે તે નર નથી. શાંભળ્યા કાને સુર, ફરસુરામ ફરસીધર, દીઠાક ઈક દાતાર, કરણ સરખા કરૂણા કર, વિદ્યા વેદ શાણ ગાર, બ્રહ્મા સરખા બહુ ભણ્યા; વાલ્મિક વ્યાસ વશિ ષ્ટ, પ્રભુ ભજી ભય ટાળ્યા, નથી દીઠા નથી સાંભળ્યા ભોગવી જેણે બ્રહ્મ દશા; શામળ કહે સ્વરગ સુધી, ગ તિ વિરલા કો વઈકુંઠ વસ્યા.

છપા—કોકિલ જાતનો ચોર, તે લે ખાતર પાડી ને; ચુગલ એ પણ ચોર, લે કરી ચાડીને; વાણીજએ પણ ચોર, લે મરડી દાંડીને, કૃષી જાત પણ ચોર, લે ખેતી માંડીને; કિશબ ચોર કડી કોટીધા, અપરમપાર અપાર છે; એ દિવશે સહુ દેખતાં, પણ સાચો ચોર સોનાર છે.

છપા—કામાતુર ન જુવે કર્મ. કામાતુર ધરમ ન ધારે; કામાતુરને શી શરમ, કામાતુર મરે કે મારે; ગુ

ગણે કામાતુર કામ, શાસ્ત્રની વાત ન સુઝે કામાતુર ન ભજે રામ, બુદ્ધિ એકે નવ બુજે; કોટી અવગુણ કામાતરે, ધરમ મારગ તે નવ ધસે. અપજશ તે અવની પરે, સરવે તે તેમાં વશે. કાં રંકને કાં રાય. કાં નરને કાં નારી; કામાતુર શીર કલંક, હોડ હટ હીમત હારી; પ્રથ્વીનુ પામે પાપ; ક્ષઇ રોગ રહે તેને દેહ; સરગને ન જુવે સવરગ, તે પરનારીને નેહે. લક્ષ વીંછીની વેદના. પડે તે નર જમ દંડમાં, સામળ કહે કોઇ રખે કરો, પ્રીત પરનારી પીંડમાં.

છપા—દઇતા જાતે હાડી, વિચારી મન વિજારી નવ આણી કોની બીક, નિરભય થઇ તે નારી, કપટ ન જાણે કોઇ, પડી પડી સહુ પેખે. અરે અરે અરેક હે એહ, દુનીયા દુઃખ એનુ દેખે; વાત ચાલી બત્રા શિમાં, ઉતાવળ કકતાં આંખડી; છતુગ ચતુર ચુહાણની, કલક વરછત કુપે પડી. બુમ પાડી બહુ બાહાર. અનીક અન્યાયે આપે, રાણી રઢીયાળુ રૂપ, પડી પાણીમાં પાપે, કોઇ મુછાળો મરદ, કુપથાં કામની કાઢે; કથ એતાને જાણવ, પલકમાં વાત પોહોચાડે; હાહાકાર સરવે થયા, જુગ બાધામાં જાહુરી; ચતુરાને ચેતાવીયો, પડી તારૂણી તાહુરી.

ધનથી ધારે ધર્મ; કર્મ કુંડા ધન માટે; ધન માટે મુકે શરમ, ધન વેરાવે વાટે. ધન થકી પરનાર, વશ વરતે ચિત ચુકે. ધન કાજ ધર્મ તંત. મામ મરજાદા મુકે; ધન કારણ સહુ ધંધો કરે, દુખ સહે છે દેહનેઃશામળ કહે સ્નેહ થકી, નરનારીના નેહને; ચળે ચીતની નુ ચીત, લક્ષ્મી દખીને લેહેરી; પ્રુરૂષ તણે પરતાપ; દખતે મોહે મેરી; રિઝે રૂપ દખંત, રિઝે માને તાને; રિઝે રાજસ રીત; માનની રીઝે માને; ગુણ અવગુણ ગણે નહી; ન ગણે પરાક્રમ પંડિતા; શામળ કહે નહી શાણપણ; રિઝ દખી રીઝે રડીતા; નાર વાહાલો નહી સુર, વાહાલા નહી વિધાવંતા; ભાવે નહી મન ભગત, સારો નવ લાગે સુનો. સચા સાધ નહી સ્નેહ ઊંચ લાયે નહી આપે; રૂડા સાથે નહી રીઝ, કુળવંતાથુ કાપે; મન માને પોતા તણું, કાળો કપટી કુડલો. શામળ કહે સ્નેહ તે ધરે, શમાને મન જે રૂડલો.

છપા

પરનારીશું નેહ, તેહ વાલાશુ વઢીયો; પર નારીશુ નેહ, તેહ નર શુળી ચડીયો; પરનારીશું નેહ, જર જશાજે ણુ ખાયા, પરનારીશું મીત, મુખ ઢાંકીને રાયા; પરનારી સાથે પ્રીતડી, સુખે કાઇ સુતો નથી; શામળ કહે સ્નેહપ રનારનો, કોડ વિઘન કહુછુ કથી. કાલ ચંદ્રનો કોપ, બા રમો રાહે તે કહીએ; પનોતી હોહુને પાય, હોડથી બેઠી હુઇયે; છઠે અઠમો ચંદ્ર, કેંદ્ર સ્થાનકમાં કેતુ; સાતમે મંગળ સોય, જન્મ મ ત્યુ થાય જેનુ, નવગ્રહ નક્ષત્ર વાંકા જહાં, જન્મ જન્મ ઘટમાં છીતડી. શામળ ભટ સાચુ ભણે પરનારી શુ પ્રીતડી.

છપા—નારી ચરીત્ર જેહ, વેચ્ચે સસરાને સુતો; નારી ચરીત્ર જેહ ભરથાર ભમાવે ભુતા, નારી ચરીત્ર જેહ હાકમને હોડ હરાવે; નારી ચરીત્ર જેહ; કામ મન ચિતવ્યાં કાવે; નાર ચરિત્ર નિશંક છે, ડુંગર બાંધ્યા ડોલાવે; શામળકહે નારય ચરિત્રમાં નિરબીણુ અગ્ની ઓળવે.

છપા

અધર્મ કર્મ અતી આપ, પાપ પુરણ કરનારો, છળ છદ્ર ભેદે છાપ, હોડ કરી સુખ હરનારો. કુડ કપટ ચિત ચપટ, નફટ નમેરો નેટે. રદે કડાનુ ચિત ચોર, પ્રપંચી પેષાણુ પેટે; છેક છોછી ઓછી અકલ, ગુણ વરજીત ગરવેભરયો, શામળ કહે અવગુણ અવગુણ સંગ્રહ્યા, ત્રિપુરાજ તુજ નામે તરયો. હોમ હવન કે જગન લગન લાલચનો લોભી; નહિ શિવ શેવા સદન, નદન

(થિર સ્થાવર થોળી; નહિ જસાંચા જગત, નહિ અક્ષતને ચંદન; ફગ તંબોળ નિવેદ, નિરંજન વાણી વંદન; આ વાહન ઉપાસને. તેલ ન જાણ્યું તહેવા; ત્રિપુરા નામ એ લાકડું, શામળ કહે સેવા માકરી

છપા

જેણે ન કર્યા પુન્ય, સ્વર્ગનો માર્ગ ન સુઝે; જેણે ન જાણ્યા જોગ, ભાગ્ય સુખ સાગર ન બુઝે; જેણે ન પેખ્યા પ્રભુ, ધરમ જેણે નવ ધાર્યા; પાપમાં નહિ પાર કર્યા, છતી ભક્તિ ન હાર્યા; શાસ્ત્ર ભણ્યા નવ સાંભળ્યાં, ભોગ ન ભોગવ્યા વાસતી; શામળ જન્મ એળે ગયો, જેમ અરણ્ય કુસુમ મસલિ; સ્વર્ગ સુખ તે આંહી, આવાસ અંબર જોટા; સ્વર્ગ સુખ તે આંહી, પાસ ગુ ઠરાસને ડોટા; સ્વર્ગ સુખ તે આંહી, લક્ષ્મી ઘર સુત્ર; સ્વરગ સુખ તે આંહી, સપુત મતાપીક પુત્ર; સ્વરગ સુખ જે છંદ, મન ગમતા સુખ માણશે; શામળ સુખ સાગર સરગ, પંચ વાત પરમાણશે. નર્ક જેનિદાય, કરે સહુ આપે આપે; નરક તેને નિરધાર પેટ ભરે જે પાપે; નરક દરીદ્ર દેહ, નરક જે રહે રૂપ રેગો; નરક જેને કબુદ્ધિ નરક નડી ભ્રમમાં ભોગી; નરક સહુ નિંદા કરે, નરક અનરમમાં રહે અડયા; શામળ જોખ જાણી નહી, નિચ પાપી નરકે પડયા.

ધનવંત વિશે છપા.

જરને વશ છે જગત, રાય પણ જરથી રીઝે; જુવતો જર વશ હોય, લાભ પણ જરથી લીજે. જર

સજ્જન સનમાન, જરે જશવંત કહાવે; જરથી પામે જોખ; સલી શુભ કુળની આવે; જન્નુજ જગતમાંજ્જેર છે; દુરિજન જરે નમે સહુ શામળ કહે જર જોર થી, બાપો એમ કહે બહુ, જર માતાને તાત; જાતજે જરથી જાણો, ડહાપણ પણ છે દાન, દાન રાજાને રા ણો. સગાં સહોદર સર્વ, દ્રવ્ય વણ જે વેગારી. રંગને રૂપ અનુપ, દ્રવ્ય તે કારજ ધારી; સહુ જગત વરેચુછે જર થકી, ગરથ માંહો ગુણ બહુ ગણ્યુ, શામળ કહે સ્વરગે સંચરે; જોર હોય જો જર તણું; એમ ભણે છે વેદ. જઈ જરને તે જાચે; સાધકને વળી સિદ્ધ, રૂદેજ રથી તો રાચે; શુરા બાંધે શસ્ત્ર, જરથકી તે કર જોડે; આતમીને અહંકારી, હોય જર આગળ જોડે; ગામી નામીને મહીપતિ, જરને વશ વરતી રહે; શામળ કહે છે સંસાર સહુ, દમડાને ડહ્યો કહે; જરથી પામે જો ખ; જરે ઇંદ્રાસન આણું; જરથી જગ છવાય, જરથ કી સાહસ માણું; જરથી લાખ કરોડ, હોડ હુંડીલા હો રે. જરથી રાજ્ય થપાય. જરે ઝઝાને મારે; એમ જ ગત વશ છે જર તણે, ચિંતવે તવા ગુણ ગણે; જગદી શ ઇશ વશ જર તણે, શામળભટ સાચુ ભણે; ઘણા જેહ ઘર ગરથ, રૂપ તેને ઘેર રેહેછે; ઘણા જેહ ઘર ગર થ. કુલીન પણ તેને કેહે છે; ઘણો જેહ ઘર ગરથ, રહે વશ તેને રાજા. ઘણો જેહ ઘર ગરથ. સુજસ બોલે જન ઝાઝા, જર તો છે જીવનથી અધીક, બુદ્ધી નિધાન પ્રાક્રમ બહુ. શામળ શેવક શ્રીમંતના, શત પ

કાર શોભાત સહુ જર વિના જે જોખ. શોણ તે તો નહી સાચો. જર વીણ તનમાં પ્રાણ, કહુ કરતુ તે કાચો; જર વિના જે રૂપ. દેહ કુરૂપી કુડો. જર વિણ મંદીર માલ મર્મ રાખે તે ભુડો, જર વિણ ડાહાપણ છે જેટલુ, તે ઘેલ્લાપણ જાણવું. શામળ કહે સઘળી ચીજ તે, જગમાં જર પરમાણવું. જરથી શોભે સર્વ, વેદના જરથી વાધે. જરથી જીત ન્યાય, જરે મન વંછિત પામે. જરથી સગપણ સાથ, કરે જરથી સહુ કાજે, જર ચડાવે વાથ, જર થકી સરવે લાજે. જર તગાણાનો મેરૂ કરે, રાજ્ય અપાવે રકને. કવિ શામળ કહે છે જર થકી; પામર લુટે લંકને. ગાઠે જેને ગરથ, ભલી તે વીદ્યા ભણીયો. ગાંઠે જેને ગરથ, રહે નહીં કોઇનો રણીયો. ગાંઠે જેને ગરથ, તેજ પડીત છે પુરો, ગાંઠે જેને ગરથ. તેજ છે સામદ સુરો. વળી ગાઠે જેને ગરથ છે, પર ક્રમી પરમાણવે; શામળ કહે છે સંસારમાં, જર વિણ મુરખ જાણવો. જર છે સહુનો જીવ, જરે લે માહ સુખ માણી; કરે પરાણે પ્રીત, રંક રાજાને રાણી. જર વશ બધુ જગત, જરે જુવતી વશ થાય; જર આગળ કરજોડી, રહે મોટા રૂષી રાય જર જંગલમાં મંગળ કરે, જુગતી સરવે જોગવે; શામળ કહે ધનથી ધનપતી, ભારે સુખ તે ભોગવે. ડહાપણ દમડામાંહી, રહે દમડામાં યારી. દમડામાંહી રૂપ, ભેદ દમડામાં ભારી. જો દમડામાં જોર, રહે વશ થઇને રાજા; દમડે ઉંચ અધિકાર. ગુણ દમડામાં ઝાઝા. દમડો મોંઘો દાનને, વણુ મહ

રે સહુ વામણાં; શામળ કહે છે દમડા તણા. ભાત ભાત હેઠ ભામણાં. જર દેખી જશાવંત, ગુણને જ્ઞાન ગમાવે ધન દેખી ધનવંત, નીચને શીશ નમાવે. સોનું દેખી શ્રીમંત, કપટનુ કામ કરે છે; ગરથ દેખી ગુણવંત, હે તથી હાથ ધરે છે, રાજાની કે શું રાંકની, નિર્મળ કુળ ની નારીયો; શામળ કહે સત્ય જાણજો, જર દેખી ક રે જારીયો. શુર કપાવે શીશ, ચતુર ચાકરી ચ્હાયે; નાચે છે નૃત્યવંત; ગીત ગુણીજન થઇ ગાયે; વિદ્યાવંત વીદેશ, જાચવા કારણ જાએ; મજુર વહે શીર ભાર, કષ્ટ કાસદ સહે કાયે, જે જે ઉપાય અન્ય ચજે, બુદ્ધી બ ળાટે બારણે; શામળ કહે શાણા સમજજો, દ્રવ્ય કમાવા કારણે. જર પાખી જગ માંહી, મોજ એકે શી માણે; જર પાખી જગમાંહી, આપ અકલ શી આણે. જર પાખી જગમાંહી, સ્વાદ એકે નવ સુજે; જર પાખી જ ગમાંહી. બડાઇ કરી ન બુઝે. જર પાખી તો જણ મા રતા, ફરે બાજુ બુઝે બહુ, શામળ કહે જર જોરથી, શુ ભ મતો સુજે સહુ. દમડા પાખી દરીદ્ર. કુલીન તે ચીકર કહવે; રોક્ડાંના તે રંક, પ્રતિષ્ટા માન ગમાવે. વિદ્યા અને વિવેક. દામ આગળ સહુ ડુલ્યા. જે જે કરવા જાય ભરમથી સરવે ભુલ્યા જે શુર પુર શાણા ઘણા, વપુ વરણા ગી વાંકડા; શામળ કહે સહુ સંસારમાં, રિદ્ધ વિનાના રાં કડા. જેને જરનુ જોર; જુલમ ઝાઝો કરી ઝુઝે; જેને જરનુ જોર, બીજાને તે નવ બુઝે. જેને જરનુ જોર, અહંપદ અતીશ આણે; જેને જરનુ જોર, જગત ઉ

જડ તે જાણે. વળી જેને જરનું જોગ છે, છાકયો રેહે અમને અતી શામળ કહે સદબુધિ વાણ, રૂડું ન થાય તેથી તી. એ હાથીનું જોગ, બહુ બે માંહ્યો બોરાજે; વાઘ સિંહની પેર, ગ્રંથ ગાંઠે તે ગાજે. ભુખ તડકો કે ટાઢ, નહી જર પાસે જાય: વ્યંતર ભુત કે પ્રેત, કદી ચોટક ન ચડાય, મન મહારા શેર સવા તણી, કેફ સદા આવી વસે. શામળ કહે દુખીયો દુઃખ કહે, જર વાળો હઇડે હસે. નિરધન બોલે સત્ય, કહે જરવાળો જુઠી. નિરધન ગાણું ગાય, જાય જરવાળો ઉઠી; હાહાકરે સહુ લોક, વદે જરવાળો જુઠું; વિદ્યા ઉપર સહુ રાજી, વિદ્યા પાખ, સહુ રૂડું. ચઉદ્દે વિદ્યાની ચાતુરી, અરથ સાધવા સૌ રહે. કાળ કર્મ ધર્મને શર્મ સહુ, કવિ શામળ જરને કહે

વિદ્યા વિશે છપા.

સદવિદ્યા સુવર્ણ, શણગ સદવિદ્યા સત્યે; સદવિદ્યાથી સ્વર્ગ, વીખ ઉતારણ નિત. સદવિદ્યાથી સિધી, ક્રોવચનો વર પામી; સદવિદ્યાથી રિધી; જગતમાં સઘળે જાણી. સદવિદ્યાને વશ સર્વ છે, સદવિદ્યા ત્યાં શિરમણી; શામળ કહે સદવિદ્યા વિના, ભટકે ગુણહીણા ઘણા. લક્ષપતિ તો લાખ, દિઠા નિર્ધન પ્રમાણ; જાય રાયનું રાજ્ય, રૂપ પણ રહે ન ટાણે; કુળ પણ હોયે કલંકી, જોર જોતામાં જાયે, જોબન પણ વહી જાય; વંશ નિર્વંશી થાયે. નહિ રાજ ચોર કે અગ્નિ ભય, ભાગ મુકાવે બહુ થકી. મોટા પુરુષો મન માનજો, સદવિદ્યા શુભ સહુ થકી. મુકાવે વિદ્યા માગ, પુરાણ જશ વિદ્યા

પામે વિદ્યા શોભે વાન, નૃપતી વિદ્યાને નામે; વિદ્યા માંહે વિવેક, વિમળ વિદ્યાથી વાણી, વિદ્યાને વશ વિશ્વ, જગતમાં મોહની જાણી, સદવિદ્યા રત્ન નિશાળ છે, વિદ્યાથી વડુ નહી કશુ; સદવિદ્યા આગળ ધન કશુ, વિદ્યાહીન જન તે પશુ; પંડિત આગળ મુઢ, હંશ આગળ જેમ બગા; પંડિત આગળ મુઢ, કોકીલા આગળ કગ્ગા. પંડિત આગળ મુઢ, રાય આગળી જામ રાંકા, પંડિત આગળ મુઢ, કીડુ આગળ જાયમટાં કાં. છે પંડિતમાં પ્રાક્રમ ઘણાં. પંડિત સહુ શિરમોર છે. શામળ કહે પંડિત આગળો, મુઢ તો ચાકર ચોર છે. મુરખને વાહન, પંડિત આગળ વાણે ચાલે; મુરખ ને મોતી હાર, પંડિત ફુલમાળા ઘાલે. મુરખને બહુ માન, પંડિત કહી ગરીબ કહાવે; મુરખને અક્ષર મોજ, પંડિત ખડ ધાન્યજ ખાવે. પણ મુરખ કાચ કથીર છે, દીસંતા તો લિલ હરે; પણ પંડિત રત્ન અમુલ્ય છે, શામળ જો પરિક્ષા કરે, મુરખને નહી માન, મુરખ ઝાઝામાં ઝુરે; દે ન મુરખને દાન, મુરખ મ અકલ અધુરે. મુરખ હલકો હોય, બહુ ગુણવંતો બોલે; મુરખ ન લેખામાંહી. નહી પંડીતને તોલે; જે હંશ મધ્ય બગલાં પડ્યાં, કારણ શું જાણે કશું કવી શામળ કહે સાચુ કહુ, વિદ્યા વિણ તે નર પશુ. પંડીત જાય વિદેશ, તોય જશથી જાણીતો; પંડીત માકમ પુર; મહિપતીનો માનીતો; પંડીતને પરમાણ, કરે જન સહુ કર જોડે પંડીતને સનમાન, માન અનમો

નાં મોડે. જે આગમ નિગમ છે ગુણ ઘણા, લક્ષ કો ટીધા તે લહે, છે વીધા મોટી શિરમાં, શામળ ભટ સાચુ ભણે.

પેટ ભરવાવિશે છપા

પેટ કરાવે વેઠ પેટ વાજાં વજડાવે; પેટ ઉપાડે ભાર પેટ ગુણ સહુના ગાવે. પેટ ભમે પરદેશ, પેટથી પાપ કરેછે; પેટ કરેછે જાર, પેટનો સત્ય હરે છે વળી સંચ પ્રપંચ અધિક કરે, પેટ કાજ નરકે પડે; શામળ કહે સાચુ માનજો. પેટ પાપ નરને નડે વિપ્ર પેટને કાજ, શાસ્ત્ર વાંચેને શીખે; વિચરી વળી વિદેશ, ભણેલા થઇને ભીખે. વણિક પેટને કાજ, ચાહિને વાહાણ ચડેછે; મજુર ઉપાડે ભાર, ઘણા જન ઘાટ ઘડેછે વળી કરેછે કાશદ કાશદુ. શિર કપાવી તરફડ મરે; કહે શામળ પેટને કારણે. કુરાચાર સઉકો કરે. પેટ ચડાવે વાંસ, પેટથી નરતક નાચે; પેટ કાજ ગુણ ગાય, ઉચ નીચાને જાચે. પેટ કરે છળ કપટ, પેટ રણમા રખડાવે, પેટ કરે વિખવાદ, પેટતો શીશ કટાવે. ચોરી ચાડીને ચાકરી, અધરમ સઉ આખેડના; શામળ કહે સાચુ માનજો, પ્રપંચ પાપી પેટના. કિયા ઘડકણ ને ધીર, કિયા ગુણહિણ ને જ્ઞાતા; કિયા કૃપણને કરણ. કિયા દભા ને દાતા, કિયા રંકને રાય. કિયા અકરમી ઇંદ્ર; કિયા પાપી પુણ્યવંત, કિયા ચખહિણને ચંદ્ર. વળિ અણ પંડીત કીયા, બેશી પારકે બારણે; શામળ કહે માન ગમાવીયાં, કુડા પેટને કારણે. કિયા દરીદ્રિ દિવાન, કિયા કુરૂપ રૂ

પાગા; કિયા જુધીષ્ઠર જોર. કિયા ભિક્ષુક ભુપાળા કિયા બુદ્ધિ બળવંત, કિયા ગધાને કીયા ઘોડા; કિયા કપુત સપુત. રામ લક્ષ્મણના જોડા. નર નાર જારને સતિ કીયાં જાઉ જેને બારણે; શામળ કહે માન ગમાવિયાં, કુડા પેટને કારણે. કીયા નીચને ઉંચ, કીયા રે.ગાનેસાજા; કીયા અભાગીને સભળી; કીયા દુરબગાને તાજા. કીયા અજાણને જાણ, કીયા પથર ને હીરા; કીયા અજા ગજરાજ, કીયા વેરીને વીરા. જુઠા બોલા શાચા કીયા નીચ બુધી કરે નેટને; શામળ કહે માન ગમાવીયા, પ્રપંગ પાપી પેટને. કઇ લછને અલછ, કઇ રંગીતને રંગા; કઇ રૂપકોણરત્ન, કઇગતી કઇગિગા; કઇ મરગ નેણી નાર, કઇ વળી આંખે કાણ; કઇ દાસી દેખત્રે, રોઝવાળી કઇ રાણી. જે લપોડશાખ લેખ રિના, દક્ષગુણ ત વળી કહ્યા; શામળ કહે કવિ કોવિદ પણ, પેટ તણેવશ શઉ રહ્યા. પેટ કરાવે પાપ. પેટ પરદેશો કાઢે; પેટ કરે પ્રપંચ, ચલાવે મારગ આડે. પેટ કરે પાખંડ, પેટ વાણ વાંકે દંડે; પેટ સંકટ થાય, પેટ મેહેનતમાં મંડે. સતી નારીને ગુણકા કરે, શા અવગુણ કહુ શેઠના; શામળ કહે સઉ જાણજો, પ્રપંચ પાપી પેટના.

કુસંગતી વિશે છપા

કરે નીચનો સંગ, નીચની બુદ્ધિ આવે; કરે નીચનો સંગ સકળ સદગુણો ગમાવે. કર નીચને સગ, નીચની ભાષા ભાખે; કરે નીચનો સગ નીચની રીતી રાખે. વળી નીચ કામ નીચાં કરે, નિચ કહેવાયે ઉચ્ચ જન;

શામળ કહે નિશ્ચેનિ સંગ ? ફેઈનિ કરશો રાય દીન
પંડીત પંડીત પીત મુરખન મુરખ વહાલા; રૂડો રૂડી રી
ત, ચતુર ચતુરાઇ ત્યાં આહ્લા. સુમને વહાલો સુમ, વ
હાલા દાતાને દાત: જારને વહાલો જાર, ગુણી જનને ગુ
ણ ગ્રાના. શુરાને વહુ ના શુરાનર, કાયરને કાયર ગ
મે; જશવંત ગમે જશવંતને શામળ કહે સદા સમે. મ
ળે ઉચને ઉંચ, મળે ભંગીને ભંગી; મળે નીચને ની
ચ, મળે રાગીને રંગી. મળે ભગતને ભગત, મળે પાપી
ને પાપી; મળે જ્ઞાનીને જ્ઞાની. મળે જાપકને જાપી. વ
ળી વ્યસનીને વ્યસની મેળતે મળતા ગુણ મળે; જયગ
ભાન મળે તે તકમાં, શામળ પણ શાકર મળે.

મોત વિષે છપ્પા.

કોઇ કહે આવ્યો તાવ, કોઇ કહે થયુ કોગળિયુ; કોઇ
કહે ડરથી નાગ, કોઇ કહે વાશી વળીયુ. કોઇ કહે વાગ્યો શે
ગ કોઇ કહે શસ્ત્ર વાગ્યુ; કોઇ કહે મારી મુઓ, કોઇ કહે ના
પણ લાગ્યુ દશવા માથે લેતા નથી; જગતમાંહી મહીમા
જાણ્યો. શામળ કહેકે સૌ સાંભળો, મોત આવ્યુ તેથી મુ
ઓ. પેશે અગણ્ય નીર, તીર ગંગાને બેશે; પરવત માંહી
પેશે; કરે આપે એકાંત; ઓખડ અમરત હાર, ભમે ભુ
લા બહુ ભ્રાંત. કિંકર નાખે કઇ કોટીવા, સંચ પ્રપંચ ઘણા
કરે; શામળ કહેકે સહુ સાંભળો; મોત આવે નિશ્ચે મરે.
માત તાત ને મિત્ર, પુત્ર પરીવારજ મોટા; અસબાબ આ
ગાત ...
પરમપાર, ઘણા હસ્તીને ઘોડા. સેવક સાથે શુર, પરી
પુરાણ પ્રતાપે; બળવંતા બહુ બહુ, છત્ર છાંયે છત છાપે.

અધિકાર અચ્યુત લખ્ય ઇંદ્રનો કરોડવાર શું કહું કથી; ચ
ણ મોત શકી મુકાવવા, શામળ કેઈ સમરથ નથી. ના
ઠે ન મુકે ભુખ, દુઃખ નાઠે નવ જાય; નાઠે ન મુકે ભો
ગ, રોગ નાઠે પણ થાય. નાઠે ન મુકે તાવ, પાપ નાઠે
નવ છુટે; નાઠે ન રહે લાજ ચોર કે હાકમ લુટે. કદી
નાઠે મોત મુકે નહી, મસલ્યો ત્યાંથી પરસ છે; કવિ સા
મળભટ સાચું કહે, નામ સરવનો નાશ છે. જે આયું તે
જાય, જાડ ફુલ્યું ન પારશે; લાગ્યું તે કરમાશે. ચડ્યું તે
તો ઉતરશે; લીલું તે સુકાશે, નવું તે જુનું થાશે; આ
ચુગદા વગ સર્વ, કાળ સૈ મોને ખાશે. જે કીન્નર જ
ક્ષને રાક્ષસો, દેવ ગાંધર્વને દાનવી; મથરાદીક પણ મો
તે મરે, કોણ માત્રમાં માનવી. ગયા ઇંદ્ર કઇ કરોડ, ગ
યા બ્રહ્મા કઇ લાખ; ગયા કરોડો કામ, મહાસુર પણ
કુલરા ગયા દેવ દીગપાળ, ગયા ઘણાદા મહીપત; ગ
યા દીલીપ હરીચંદ્ર, ગયા છપ્પન છત્રપત. વળી ગયા
જનકને જાનકો જે વળી લાવ્યા જાનકી. રિપુ રઘુવી
ર કોઈ રહ્યા નહી, કોણ માત્રના માનવી. મરૂ મારૂં ક
હે મુઢ, કારણી કયા માયા; અજ્ઞાને અરૂઢ, અંધ થ
ઇ ધ્રધે આયા. આ મારૂ ઘર સુત, પુત્ર માંગ પરણ્યા
વું; ઘડપણ પાળે મને, અજર આની આશ આણવુ. પણ
દીપક વશ છે વાયુને, કાચો કુંભ કાચનો; શામળ કહે
મુઢ મમતા કરે, એવા શરીર અસ્થાને. કેઇ આજ
કેઇ કાલ, કેઇ દીવસે કોઇ રાતે; કોઇ જોબનમાં કોઇ બુ
ઢે, બાળ જન જુતી જાતે, કોઇ વાયે તરફડી, આવ

હાતે કોઇ મરતાં, કોઈ ભોગ કોઇ રોગ, કોઇ તો સર્પ કરડતા કોઇ વાઘી શિકાર કે હડકયા; કોઇ મમને લડીને મુઓ; પણ કાળ ન મુકે કોઇને શામળ કહે સહુ જુઓ, રાખે લખ રખવાળ લોઢ પીંજરમાં પેસે; અરણ્યવીસ આસન. વાળીને જો કોઇ બેસે વજ્ર ગુફ ગંભીર, માંહી કોરાની માણું; ઇદ્રજાળ વિદ્યાય જુગતથી જોવળી જાણું. સાંભળો સાસુની સાંચરે; કોટી જતન કોડે કરે. જાળવતાં પણ જીવે નહી; મોત વખત નિશ્ચે મરે, ચીરંજીવી નહી કોઇ; ગયા મનુજેવા મહીપત, ચીરંજીવી નહી કોઇ, ગયા વહી અગ્નિ અહિપત; ચારજીવી નહી કોય. ગયા અધિકારી ઇદરે. ચારંજીવી નહી કોઈ, ગયા સુરજ ચંદરે. વળી ગયા રામને રાવણ, ગયા દેવને દાનવી. સતવંદા સહુ ક્ષણ ગયા, કોણ માત્રમાં માનવી. કોઇ આજ કોઇ કાલ, કાઇ માસે કોઇ ખટ માસે; કોઇ વરસ દસમાર,કોઇ પચીસ પચાસે. કોઇ સાઠ શાતેર, કોઇ પોણુસો એંશી; જે જાયુ તે જાય, નથી રહેવાનુ બેશી. જે નામને તેનો ડર છે; ધર્મજ એવો ધારવો; કવી શામળ કહે મુખ કરે, ગંદા દેહનો ગારબો. ઘડી પલક કે પોહોર, સાંજ સવાર કે વાહાણું; એ રૂપીક એ લાય, ન અવે સાથે નાણું. રહે ઘરમાં કે ગામ, દેશ પરદેશેપ ક્ષ; જળ પ પેટો જેમ, એક દીન નિશ્ચય નડશે રાખી કેઇની રેહેશે નહી,, દીવસ નહી નહી દેહનો;શામળ કહે કાચો કુભ છે; તો ભરૂસો શો તેહનો.

સ્ત્રીના ગુણવીશે છપા

રામા રત્નની ખાણ, જાણ્યે રંભા રૂડી; ધરે સો
ળ શણગાર, હાર કંઠે કર ચુડી. શોભે જળ હળ એહ
દેહ કોમળ સુખ સાજ; શોભા કરૂ સદન, વદન હસા
રાખે રાજ. ભડભોજન કરાણ વીક્રમ, અને હરીચંદ્ર
ની હારના; પંડીતચતુર પુરપાટવી, નરપતી નેઠ સુત
નારીના. જેઘરમાં ઘરનાર, દામ ઊંચારે દેશે, જેઘર
માં ઘરનાર, પીડ પીત્રી પણ લેશે; જેઘરમાં ઘરનાર,
તોજ મેણુ શીર ટળશે; જેઘરમાં ઘરનાર, માન માણ
સમાં મળસે; ઘરનાર જેને ઘરહશે, શોભીસાહુ સરસ
છસો. નારવીના નરરંક, શંકરાખે નહીકોઇ; નારવીના
નર ચોર, જોરજર એશખોઇ, નારવીના નર નીરબળી
સબળ રાખેનહી સજે; નારવીના નર દીન હીનસુખ
એકલ અંગે; ચતુરાવીના તો ચાલેનહી, જગતમાંહી
રહેજાહરે; શામળ કહેછે શામાકરી, તજે જગતતો તારૂરે
બાળપણે થઇમાત, મટાડેપીડા મનની જોબનમાંદે રંગ
સંગ સુખ ટાઢક તનની. સુખ દુખમાં શમભાગ, રાગરૂ
ડે ગુણ ગાતી; ચતુરાં ચિત હરનાર, સાર ઉરમાંમહ
માતી. વળિ વ્રધપણે સેવા કરે, દેખ્યાથી દિલ દુખ ટ
ળે; એ અંતકાળ અળગી નહી; બહુ સ્નેહ સાથે બળે.
માસ અષાડો મેહ, તેહને વિશ્વ વખાણે; પાછળ પડેદુ
કાળ, કોણ તે જુગતી જાણે. મોતી મોંઘે મુલ્ય, વે
હ પાડતાં તુટે; કરષાણ હોય કરતાર હોય કરતાર, અ
સર ખાતં તે ખુટે. પણ લાભ ગરબ, ઓધે હનુજ,

બહુ વધેરી જાણીયે; વળી મેહ મોતી ને મેહની, નર
નીવડે વખાણીયે. પશુ ચરેછે તરણ, રહેછે વનમાં રમ
તાં; નર નારીની જોડ, જાણીયે સાથે જમતાં. ઉડે પં
ખી આકાશ, જુએ તેનુ પણ જોડું; કોણ ઉંચકેની
ચ ગણાતુ કે કા થોડું. સુર અસુર નાગ કીનર કિંરી; દે
વી, નાગણ, દાનવી, મન ગરદ કરતાં મેળવે, કોણ
માત્રમાં માનવી. નારી વીણ નર રંક, દામણ દાશી દે
હે: નાર વિના નર રંક, દીશે ગુણ હીણા ગેહ. નાર
વિના નર રંક નહી ધન ધારે મોર, નર વિન નર રં
ક. હુંગી પુજન નવ હોય. નિર્બળ જે નર નારીઓના
ભોગ કરતાં ન ભોગવે, અવગુણ અદકા અનુભવ ઘણા,
જુવતી વણ નર જોગવે. નારી નરનુ અંગ. સુગદેવ ગુ
કર શોભા; ભળે પુન્યમાં ભાગ લાભ જસ લાભે લેવા,
શામાંથી સંતાન, ધર્મ જુગી તે ધારે; પ્રગટે પુત્ર સપુત,
કુળ ઇકોતેર તારે. કુળ સુખે મળે જો કામની, સતમાંન સુ
ખ દે સતી; કુ એમ વીચારૂ આરંથી, પુણ્યવંત જેનો
પતી. માનતા મોટે સુધા, મહામત્ય એ મોટી; છતાવા
ઇચ્છે જેહ, તહુની મતિ જ ખોટી. સ્વરગ મૃત્યુ પાતાળ, બે
ભારત જેમાણ્યા, ઉંચ નીચને અમીર, સર્વ જુવતીઓ
જાણીયા. સો મરા રતનો મણ ગુંજે, મોટા પુરૂષો પ્રી
છજો; સઉ સાખ સાખી શામળ કહે, અંતરમાં સઉ ઇ
છજો. નિર્મળ મનની નાર, સ્વામીને સ્વરગ પમાડે; જુ
વતી જોબન માંહી, રાજસી રંગ રમાડે. છ કે કુળકર્મ સ
રસ ચલવે ઘર સુત્ર; વધે તેડુથી વંશ, પરસવે પુત્ર સપુ

ત્ર વળીકોય મતી શુભ ગાનવી, પુણ્યવંતી તે પારખી;
છે નીચ કોઇજ નારીયો. રાગ મઉ નહી સારખા.

પતિના વિજોગ વાલી છપા

પિતા ઘેર જે પુત્રી, હોય રિદ્ધી પણ રંડા; તો તે પુંડગ લોક, કહે જે કરે છડી. પિતા ઘેર જે પત્રી, કહુંપ કઢાવે ખોટી; ભોજાઇ બોલે ભુંડ, કહે આ કરશે ખોટી. કહી હી ન હેય ઘરનો ધણી, વિના હાથ મરતી પની; પણ સામા શર્મ સંગ જન હેનાવે મનીનરપ તમો નામોજે નાર. છેકહુ ળવી તેસનણુ; નર પાખી નાર હોય જ્યમ હુગણુ. નર પાખી જેનાર, ન ગુ પીપળીનું મુળ નર પાખી જે નાર આકડાનું અતુળ. નર પાખી નારી એકલી, શણટી સુની સર્વ તે માન ન પામે માનની, ગણી જાય જશ ગરવ છે.

પોતાના હેત વિશે છપા.

પુત્ર કરે જો પાપ, પિતા તે પુણ્યકર્મ જાણે: પુત્ર કહે દેહુખ, પિતાને સુખ સમાણે. પુત્ર કરે જો હાણુ, પિતા તે લાભજ લેખે; પુત્ર નદે જો નુઠ, પિતા દિલ સત્ય પેખે. અવગુણ અસંખ્યથા પુત્રના; પિતાને મનતા લાડ છે; શા ગુણ આશીષણ કીજીયે, પુણ્ય પિતાનો પાડ છે. પુત્ર તણો વીજોગ, તેથી દાવાનળ રૂડો; પુત્ર તણો વીજોગ, તેથી શુભ જળમાં બુડયો. પુત્ર તણો વીજોગ, તેથિ શુભ ડસવો સાપે; પુત્ર તણો વિજોગ, તેથી શુભ તપવુ તાપે મહા દુઃખ નહી મરવા તણુ, દુઃખ નહી તન રોગનું; પણ કરોડ દુઃખ સામળ કહે, પોહુ પુત્રવિજોગનું. મીતી ભલેરી તાત, માહા મીતી માતાની; મી

તી સગાં સમસ્ત પ્રીત ભારે ભ્રાતાની. પ્રીત ઘણી મોશાળ પ્રીત પણ શ્વસુર પખાની; પ્રીત ઘણી પ્રીય નારી, પ્રીત શુભ સખાની છે મિત્રી અનેક પ્રકારની, કહે શામળ કે કે કથી; પણ અધિક પ્રીત અંતર તણી, સપુત સમાન સરસ નથી. જેણે ચઢાવ્યાં આળ ભાળ રમતાં ગેવરાવ્યાં; સ્ત્રીવધ એ પંચ પ્રજા, હત્યાદીક પાપ કરાવ્યાં મિચ સંચ કરીને વેર, જેર દઈને જર હરી લંભ થી ગળું કઇ પાત, ઘાત કુટંબે કરીયાં. પાડ્યા વિછેહ નરનારીને ભંગ કરયો ઘર સુતનો, પામે પોતે તે પાપથી વિજોગ પ્યારા પુત્રનો.

મોટા લોક વિશે છપા.

મોટા કેરૂં છીદ્ર કાઢશે તે દહાશે; મોટા સાથે વેર કરે તો સીર દાશે મોટા સાથે પ્રીત, પિડા કેઇક દીન કરશે; મોટા સાથે મગત, કીધે વાણ મોતે મરશે, વળી મોટાને જે ગુણ કરે, તે આડ લુણું જશે. કરની કરી તી રાજા કને, કરશે તે દુખીયો થશે, મોટા પાસે એહ કીજે તો ઘોડાં બાંધે: સગપણ મોટા સાથ, કીજે તો કાજ સુ રાંધે. મોટા આવે ઘેર. સવારથને તતો તાકે. મોટાથી વેહેવાર, કરે તે આમર થાકે. જે મોટા જન મુરખના, તે સંઘે નવ બોલીયે મોટા સાથે નેહ કરે તે કાજ કુડ, મોટા સાથે વેર કરે તો ભાગ્યજ ભુંડું. મોટા સાથે વેર થયું તો જીવજ લેશે. મોટા સાથે વેર, કરે તે કેદ રહેશે. માનીયે વાત મોટા તણી કદી નીંદા નવ કીજીયે. શામળ કહે પ્રીતી પુરણ જો પણ મોટા

થી બીજી એ કરે ચોરિ જે ચોર, એક દીન શીશ કટાવે; કરે ચોરિ જે ચોર, માન મરજાદ મટાવે. કરે ચાડી જે ચાડ, સુજશ જોતામાં જાય; નિર્ધનનો વેપાર, કદી દેવાળું થાય. જે મેટા સાથ મમત કરે, મોત વિના નિશ્ચે મરે; નિરાશા રહ્યાથી પણ નકી, કેમ અરથએકે સરે.

દેશી રાજાવિષે છપા

રાજાનો વિસ્વાસ, કરે વણ મોતે મરશે; રાજાનો વિસ્વાસ, કરે ધન ધારજ હરશે. રાજાનો વિસ્વાસ, કરે તો રાજ રૂઠયો; રાજાનો વીસ્વાસ, કરે તો કાળીજ ફુટયો. રાજાને મિત્રજ માનશે, કહું ડહાપણ તે શું કથી; કદી રાજાની કહેજે કોઈનો, મહીપની મીત્ર સુણ્યો નથી. રૂઠયો વિપ્ર દે શાપ રૂઠયો ઠીકર કરજોડે; રૂઠયો શત્રુ દે દાવ, માન મરજાદા મોડે. રૂઠયો પડોશી પણ, ખોટી ચુગલી જઈ ખાય; નારી રૂઠે જો નીચ, મરે કે નીકળી જાય. રાજા રૂઠયો રિદ્ધિ હરે, જશ જરનું જોખમ કરે; તે ધરમ શરમને નવ ગણે, દુઃખ દેતાં દીલ ન ડરે. કહે દીવસને રાત, રાતને દિવસ કહે છે; હાજી કહે છે સર્વ, લક્ષ સહુ લાજે લે છે, જળસ્થાને સ્થળ કહે; કહે સ્થળસ્થાને નીર, વીરને વેરી કહે, વેરીને કહે છે વીર. ચપટીએમા વજાડે લાખ જાણ, ખળીયા બોલે બળ કરી; કહે ખરૂં ખરૂં ખોટું નકી, કોઇ ન ત્યાં પુછે ફરી; તેડું ભલું શતરૂનું. દામ કામે દંડાવે; તેડું ભલું કોઇ દુષ્ટ, દશા છળ કરી છંડાવે. તેડું ભલું યમરાજ, જીવ જલદી લઇ જાય; તેડું ભલું લેણદાર, લેણું લઇ માર

ગ થાય. શુભ તેડું તાવ તરીયા તણું, સીંહ સરપ વીશપાનનું; શામળ કહે ભુંડુ સર્વેથી, દુખ તો તેડુ દીવાનનુ. કોઇ સમે દે દ્રવ્ય, કોઇ વેળા મન મેલે; કોઇ સમે કરે કોપ, કોઇ વેળા ખુશી ખેલે; કોઇ સમે શિરપાવ, કોઇ વેળા લે લુટી; કોઇ સમે રહે રાજી; કોઇ વેળા રહે રૂઠી. જુદા ઘડી ઘડીમાં ગુણ ઘણા, શામળ સત્ય કહે સૂહી; બહુ દીઠાને બહુ સાંભળ્યા, નૃપતિ મિત્ર કોના નહી,

વાણીયા વીશે છપા.

જીવ દયા પ્રતિપાળ, આળ એકે નવ બોલે; ન્યાવટ સાવટ નેક, ધર્મની ધારણ તોળે. સદાવ્રતની સાખ ભા, ખા ઠેકાણે લહીએ; પુણ્ય વાતમાં પુર, નુર કુળ સુધે કહીએ. માને છે મોટા મહીપતિ, દેશ વિદેશ કોઠાં કરે; શામળ કહે સુલતાન સમ, એમાં નવ અંતર ધરે. અધર્મ કે અભિમાન, ગાન કે તાન ગણે નહી; નિંદા નિદા નિસ સ્વભાવ, ભુંડુ મુખ વેણ ભણે નહી; વણિકમાં હે ગુણ વિશ, શીસતા ન ચડે રંગે; ચોરી ચાડી જુઠ, અહ પદ ધરે ન અંગે. કદિ ગાળો કોઇક દે ઘણી; પાછી ન દીયે વાણીઆ; વળિ પુઠ ન બોલે પારકા, વ્યવહારી તેવા ણીયા. વીશ વસા નહી વણિક, જીભે જે જુઠુ બોલે; વીશ વસા નહી વાણીક, પેટના પડદા ખોલે. વીશ વશા નહી વાણીક, ઉતાવળીયો જે થાયે; વીશ વસા વાણીક, વનિતાશું વેહેવાયે; વળી વીશ વસા તે વણિક નહી, ચડયો રાવળે જાણીયો; જે સત્ય તજે શામળ ક

હે. વીશ વસા નહી વાણીયા. વાસ નહી જયાં વણિક, નગર તે ઉજડ કેહેવું; વાસ નહી જયાં વાણીક, રાતવા સો નવ રેહેવું વાસ નહી જયાં વાણીક, ફરી વેપાર ન કરવો: વાસ નહી જયાં વણિક, ત્યાં ભંડાર ન ભરવો. વિદ્યા વિવેક વડો નહી, પરે નડો જયાં વાણીઆ; એ અંક આઢાર વરણ વીશે, શામળ જુગતે જાણીઆ ભોગી ભુપ સમાન, દયાળુ દાતા દાનો; વણજ વુછેરી વકીલ, મહીપતીનો મન માન્યો. નાણાવટમાં નેક, કોઇ કંદોઇ દાણીયો; દાશી દાસ દલાલ, ભલો ભંડારી ભાણીયો. ગુણસાગર દિલ ગરૂઆ ઘણા, લેણ દેણ લાયક લહયે; સુવિચારી વિવેકી વાણીયો, શામળભટ ક વિયે કહયો. દઢ હઇયાનો ધીર, નીરમાં નાણા નાખે; દિલનો દાહયો દીઠ, તોતળી ભાષા ભાખે. ઉપજે આગળ બુદ્ધી, સભા પરમાણે સુજે; કરે લાખનો વણજ, ઘણો નાણાવિણ ઝુઝે. કોસાર કોડી ફેરી કરે; ખરચ કરેડ જશ જાણીયો; છે ચારવરણમાં ચતુરનર, વિવેકિ જોતાં વાણીયો. સેવો નિરદય નિચ, સેવો વસવઇયા વાદ્દ; સેવો કોઇ અકરમી, ખાત્રપાડુ કે ખાટ્ટ; સેવે ભાંડ ભવાઇ, સેવજો જાચક જોગી; સેવો વરણ અવરણ, સેવજો ભિક્ષા ભોગી; સેવજો કાછીયા માછીયા, ઠગઓ લાને ઠાણીયા શામળ કહે અરથ સરે નહીં, વખાણી સેવ્યે વાણીયા.

પરચુરણ છપા

ઇંદ્ર વારણા હેય, કોઇ ખાંત નવ ખાય; આવગ કે

રાં કુમ, તેથી સુગંધ ન પમાય. આકળ દેશાં નીર, તર
ષા તેથી નવ ભાગે; બગલા ઉજ્વળ હોય, હંસને કામ
ન લાગે. દેખાય કરા મોતી સમા, આભ્રગુ ન એ પેખ
શા; કવિ શામળ કહે સાંખી જુએ, ગણ વિણ રૂપક
હો કશાં. કામ ક્રોધને લેભ, મોહ માયા નવ મંડે; અ
હંકાર અભિમાન, છેક છળભેદજ છંડે. પરધનને પરના
ર, તજે પરનિંદા પ્રીતે; સત્ય સાચ સબંધ, રજો ગુણ
રાખે રીતે. દે દાન માન સનમાન શુભ, પરમારથમી
તે કરે; જો ગ્રહસ્થમાં ગુણ એટલા, તો ઇકોતેર ઉદ્ધરે.
છાનું ન રહે પુત, છાની ન રહે ગુણ પ્રત્યે. વિદ્યા છા
ની ન રહે. રહે નહી છાની પ્રીતી; છાનો નરહે શુર, ર
હે નહી છાની રિતી. દાતા જુઆર જ્ઞાની ગુણી, વ્યસન
બાંદ વિદ્યા વિપ્રો; વળિ દાન માન સનમાન શુભ, છા
નો ન રહે સિદ્ધિ રિદ્ધી. છાની ન રહે છેક, રીત ભુ
ડી કે રૂડી; ઘરમાં કરિયે ગુહ્ય, દેશમાં વગે ફુડી છા
નો ન રહે પુરૂષ, શુર કાયરકે દાતા; છાનુ ન રહે છિ
દ્ર, ભ્રાત ભગનીકે માતા. વળી વિદ્યા છાની રહે નહી,
ભોલા લેહેર લક્ષ્મી તણી; કહી છાનુ પાપ રહે નહી,
બોદી ઘાલ પ્રથી ખાણી.

પ્રશ્ન ૯૫.

કોણ પ્રથ્વીથી મોંઢ; કોણ અણુથી પણ નાનો; કો
ણ પવનથી પહેલ, કોણ દેવોથી દાનો. કોણ વિધુથીવિ
મળી, કોણ અગનીથી તાતો; પયથી ઉજ્વળ કોણ, કોણ
મદોરાથી માતો. વળી કવણ તેજ તરણી થકી, કોણ

સરકરાથી ગળી; કવિ શામળ કહે ઉતર કહો, પુરણપો ચે મન રળી. કવણ તરણથી તુછ, કવણ મણીથી છે મોંઘો સ્વર્ણથી શોભે કવણ કવણ કુશકાથી સોંઘો. કવણ બાસથી બેહેક; કવણ બાળકથી બાળો. વળી કવણ વીંછથી વેદના, કવણ સરવથી છે ગળી; શામળ મેલું શું મેશથી, કહો તો પહોચે મન રળી.

ઉતર છપા

મહુથી મોટો દાની. અણુથી લોભી નાનો; પવનથી પેહેલુ મન, વિવેક વીણુંત્રથી દાનો. ચંદ્રથિ નીમળ ક્ષમા, ક્રોધ અગનીથી તાતો; દુધથી ઉજળ સુજશ, અમલ મદિરાથી માતો. છે તેજ તરણીથી નેત્રનું ગરજ જ સાકરથી ગળી; કવી શામળ કહે ઉત્તર કહ્યે, પહોંચી તેની મન રળી. જાચક તુણથી તુચ્છ, મણીથી સદગુણ મોંઘો સ્વર્ણથી શોભે સપુત, ગરીબ કેશકાથી શોંઘે; કીર્તી બરાસથી બેહેક, કપુત કાજળથી કાળો; સુમ લોહોથી કઠણ અજ્ઞ બાળકથી બાળો; દુર વચન વીંછીથી વેદના, મિરટ વાણી સહુથી ગળી; છે કલંક મેલું શમેશથી, પહોચી તેની મન રળી. પરહર મન વીણ મેળ, હેત વીણ પર ઘર જાવું; પરહર બાળશું ખ્યાલ, ચાહવીણ પરહર ચાહવુ પરહર વડાશું વેર, મિત્ર પરહર જે ઘાતી; પરહર લંપટ ગુરૂ, દુરટની પરહર જાતી. પરહર જે મીઠા લલચી, પરહર લાંચ લે પાંચમાં; શામળ કહે પરહર પ્રેમદા, અન્ય પુરૂશની આંચમાં બાળ પરાણે પ્રીત, બાળ નિરધનુ જીવ્યું; બાળ કુબુદ્ધી બુધ, બાળ ખારૂ જળ પીવું

બાળ સુમની શેવ, બાળ કપટી ઘર નાણું પ ળ ચુગ
લીની ચાલ, બાળ બકરી દુઝણું. વળી બાળજ વસવુ
સાસરે, બાળ બનેવી ઘર જવું; શામળ કહે બુદ્ધિ બાળ
જે, દરીદ્ર થઇ ડાહ્યા થવું. બાળ મુરખાશુ મેળ, બાળ
જે પાપે રળવુ; બાળ નિરલજ વેપાર, બાળ આગુમળને
મળવુ. બાળ ગુણ વિન રૂપ, બાળ વગડામાં વસવું.
બાળ બહુ બકવાદ, બાળ હરદમ જે હસવું. વળી બાળ
ઉપાસન ભુતનુ. બાળ વિદ્યા વિણ નામને; વળી બાળદ
હૈ દાતાર વિણ, બાળ વ્રતવિણ ગામને. બાળ વસવુ મો
સાળ, બાળ સ્ત્રીતણુ સુખ ઘરનું; બાળ બનેવી ઘેર. વ
સીને ભરણ ઉદરનું. બાળ દીકરીના દામ, બાળ શ
ત્રુ ઘર સરણે; બાળ કુંડળા કાન; કથા ન શુણી કદિ ક
રણે. બાળો પરવશ પેટારથી, આદર વિણ ઉદર ભરે; શા
મળ રહે બકુના બાગજે, સપુત વસે સસરા ઘરે. બાળમા
ગેની ભીખ, બાળ કારાદીયુ કરવું; બાળ ચોરીનુ ચીત, પા
રકુ ધન જે હરવુ બાળ વૈતરૂં વેઠ, ભાર લેવો નિત
શીશે; બાળ પુરૂષ પરવશ, દીનતા નીશ દિન દીશે. વ
ળી બાળ પંથ જે પાપનો, બાળ એકલ સુરા થવું; શા
મળ તે બાળજે, વિદેશ જન્માંગે જવુ. ધિક શુરાનુશ
ત્ર: જો કદી કાયર કહાવે; ધિક ગુણીજનના ગુણ, ન
ગણના ગુણ જો ગાવે. ધીક જાચક જગમાંહી, કૃપણ
આગળ કર જોડે; ધિક કવિતા કવિકેરી, કૃપણના જશ
જો જોડે, ધિક્કાર પવિત્ર સુપાત્રને, કુપાત્રશું રંજીત રહે;
શામળ ધીક વિદ્યા ચાતુરી, મરથ કાજ શઠગુણ ગ્રહે.૭૦

મની ભુંડી ભોગ, ભોગ ઘેલુ ઘર સુતરા પાળક કાણીભો ગ, ભોગ જે પુત્ર કપુતર. ભોગ દેહમાં રોગ, ભોગ જેપા પે રળવું; વાહ્લા વિજોગ ભોગ, ભોગ સાગુસાતે મરવું. મહા ભોગ પ્રેમ પરનારીશું, ભોગ મમત મુરખપણું; મ હાભોગ ભક્તી ભાવે નહી, ભોગ એટલાંને ભાગ્યું મુઓ મુરખને જાણ, મુઓ જે નારી કુનારી; મુઓ દેહ ક્ષય રોગ, મુઓ જે રણ શિર ભારી. મુઓ ચડેલ કલંક, મુઓ અપજશ લે આપે; મુઓ ખોર કરનાર, મુઓ જે રળવુ પાપે. જન મુઓ જેહ પરવશ પડયો, મુઓ જે વનિતા વશ હવો; કવિ શામળભટ સાચુ ભણે, માન હીણ માણસ મુઓ. જીવ્યો જશ લેનાર, જીવ્યો પર મારથ પુરો; જીવ્યો દાતા દેહ, જીવ્યો જે સામદ શુરો. જીવ્યો ભાવિક ભક્ત, જીવ્યો જે જગતે જાણો; જી વ્યો કીરતીવંત, જીવ્યો કવીયેજ વખાણ્યો. જીવ્યો જ ન તેતો જાણજો, જેની આશા સહુકો કરે; શામળ કહે જીવ્યો તેહ જન, જે સંકટ પરનાં હરે.

જીવતાંને સઘડુ મળે.

વાંઝણી પ્રસવે પુત્ર, મુરખ પણ કવિજન થાયે; ની ર ભરાય નવાણ, રંક શિર છત્ર ધરાયે. વળે કોઇ દી ન વેર, ઊેર વળી જાય જરૂરી; ગુણકા જેવી ગમાર, સ તી તે થાયજ સુરી. એ રીતે અનેક થયા હશે, શાસ્ત્ર શાખ દેછે સહી; શામળ કહે ઝાઝુ શુ કહુ, જીવ ગયો આ વે નહી: જીવતો પામે રાજ્ય, જીવતો પરણે નારી; જી વતો બેસે અશ્વ, થાય જીવતો વેપારી; જીવતો માંડેજ

ગન, સુકીરતી જાતો સારૂં; જાતો પહેરે નગ, જાત તો ભાગ્યાણા લાહે. વહાલાનો હાર વિજોગીયો, તે સંજોગી થાય છે; પણ મુઆ કોઇ દેખે નહી, શામળભટ ગુણ ગાય છે,

સુખ દુ:ખ વિષે

દુખે જાય સદબુદ્ધી, દુખે ભાણતર નવ આવે; દુખે કહાપણું દુર, દુઃખ કુડ કપટ કરાવે. દુખે દહેમાં રોગ, તેજ તનનુ તો નાસે; દુખમાં ભીખા લેહેર, પલક ન આવે પાસે; દુખ દાવનળમાં ડુબીયો, જરીએ શાંતી નવ જડે; હસવું નવ આવે હેતથી. દુખ મુખમાંથી ક્યમ પડે. સુખે સાંભળે સર્વ, વ્યસન બહુ વિધીના બુઝે; રમવુ હાસ્ય વિલાસ, સ્નેહથી જુગતી સુજે; ભાંડ ભાઇના ભાવ, જાન જોણુને જાતર; ખટરસ ભોજન ખેલ, મહાસુખ મહીમા માતર. દુખ દાવાનળમાં જેપડ્યો, સુખ સરવે એનુ ગયુ; હસવુ કયમ આવે હેતથી, પાંજર બળી મલે થયુ.

દીકરી કુંડે દામ, ખરચી જોબનમાં રાંડે; જન્મ કુંવારા જાય, પછી ઘડપણ ઘર માંડે મુકે નિરમાં નાણ બને એવુ કે બુડે. ઘણિ પકવે બહુ ધાન, આવિ ગામોતર ગુડે- મનના મનસુબા મન રેહે, વિશ્વ સુવાયે જાય છે; મન મમત ઘણો મુરખ કરે; કરતાનુ કર્યુ થાય છે; જે બેસે ગજ શીશ, ચરણ આખુવાણે ચાલે; ન જુવે તડકો ટાઢ, ફરે દાવાનળ ઝાળે; જે ઘર લાખ કરોડ, વ્યાજ ભરતા તે દીઠા; સુતા પુષ્પની શેજ, કાસદા

કરે વરીઠા. છે એવી અકળ ગતી દઇવની, સુખ ત્યાં દુ ખ આવી અડે. શામળ કહે રૂધળાં માનવી, શાંએ દુ ખ જે શિર અડે.

હીમત વિશે છપા

હીમત મુકે હાણ. હીમત મુકે તન ધ્રુજે; હીમત તજે છવ જાય, સરસ રસ્તો નવ સુજે. હીમત મુકે હમેશ જરૂર જરને જશ જાય; હીમત મુકે દામ, લેણના દેણાન થાય. હીમત મુક્યાથી હારીએ, ભાડરી વેશ ન ભ ખી એ; કવી શામળ કહેછે સર્વદા રૂદયે હીમત રાખીએ.

છપા

દાતા કોઇક દેશ, કપણ જગમાં બહુ જાહેર; શુરા કો ઇ સમશેર, કોટીઆ કુડા કાયર, પુણ્યનો કયાંઇ પ્રવેશ. પા પાપીનાં પુર વહેછે; સતવાદી સતી કોઇ, કલંકી કરોડ ર હેછે હરમે હરમે હીરા નહી, પુરપુર પૈઠા પાણછે; જા ણો વીરલાં જશવંત નરઅસખ્ય પુરૂસ અજાણછે. શે રી શેરી બહુ શ્વાન, સિંહ સાંભળીએ કાને; સપુત સ હસ્ત્રે એક, કપુત કોટી અનુમાને. સદવિદ્યા કયાંઇ શે ખ, અવિદ્યા અતી-આડંબર; ધાતુ વાદી કો ધાર, ધુત જાઠા જગ ઝમર. કવીજન સાચો તો કોઇ છે, મુરખ કવી સહુ માણતા; શામળ કહે બહુ લોક સ્વાર્થી, પ રમાર્થ કો જાણતા. બહુ બાંધે હથિઆર, તાણવા વેળા ત્રાસે; બોલે બોલ અતોળ, નાણું ખરચ્યાથી નાસે. ખા ય પીયે જન ખુબ, હોય ખરચાવે ખાંપણ; સત્ય કોઇ સાહુકાર, ઓળવે આપી આપણ. બકવા કરી બોલ બ

કે બહુ, પામે કોઇક પુરપતિ; તુર રાખે નરપતી નામ નુ, રૂડી કરમની જો રતી.

સારા નરતા સ્વભાવ વીષે છપા

કેસર ક્યારા માંહી, બગાસ કસ્તુરી મેહેકે; પાત્રી કનક ની પાન, લસણા મોતી સેહેકે. ગંગા ગોમતી નીર, ઝ વેર જડીત્રજ ઝારી; શોળ ધરી શણગાર, સિંચે નરપ તીની નારી; એવી રીત કદી ઉગીયો, લસણ છોડ ગંગા તટે, બહસોઇ ઉઠે પણ બહુ ઘણી; શામળ સ્વભાવન વ મટે. જળ તરવાને તુંબ, અગ્ન એલવવા નિર; મુ ખનું ઓખડ અન, બાળીનુ ઓખડ ક્ષીર; તાવ ઓખડ ઉપવાસ, ગુમડે દાબજ દવા; વિવેક તો વશીકરણ: સ મસ્ત પ્રકારે શવા. ઓખડ છે એક એકના, કેડે કેડે ક હુ શુકથી; ભુંડા કે રૂડા સ્વભાવનુ, શામળકહે ઓખડ મ ળતુ નથી; કેઇ સ્વભાવે શોમ, તથા કોઇક તો તાતા; કો ઇ સ્વભાવે ઉદાર, કોઇ કરપી મદ માતો. કોઇ જાર કો જુલમી, કોઇ દંભી કે કહુયે; કો પાપી પુણ્યવં ત; કોઇને વ્યસને વાહ્યો. કો હરામીને કો હેતુવે કો હમમુખો ઠગી ઘડયો. કેઇ વગણ વેદ ભેદ કો ભારેભ ણિયો; કો મુરખ મારેપત્ય, કોઇ જ્ઞાનીમાં ગણિયો. કો ઇ કરે બહુપુણ્ય, કોઇ કહેવાણા પાપી; કોઇ સમજ્યા નહિ સત્ય, કેઇ જપમાળા જાપી, કો સુખદાતા સંસાર ને કેઇ નીચ સઉને નડયો; શામળ સ્વભાવ પલટો નહિ, પ્રથમ પડયો તેતો પડયો.

હજામ વીશે છપા

વાળંદને ઉર વાત, રહે નહિ છાની છપની; વાળંદને ઉર વાત, રહે નહિ ખોટી ખપની. અઢાર વરણ એહ, અતીશે જાતજ એછી; ન ગણે પુણ્ય કે પાપ, તેની મતી છે છી. શીખામણ દઉછુ સર્વને, રશ વાગશેકુ ડીયે; જો વાળંદ આગળ વાતતા, કહી રૂડીકે ભુંડીયો.

ભાટ વીશે છપા

કરે જમાની કેઇ. દશોંદી કોઇ કહાવે; કેઇ વગાવે હાટ, કેઇ કીરતી ગુણ ગાવે, કો પીંગળના પાડી, કોઇ મીઠાશે મેહલી; કો પસાગતાં ખાય. કરે નહિ શેવા કોની. સનમાન મજેનો શાહેબી, અપમાને દીલમાં ડરે; કવિ શામળભટ કોડે કહે, ભાટ ભલી મોજો કરે.

કોળી વીશે છપા

કોકીલ તો દાતાર, સ્વભાવે કોકીલ સગરો; કોળી વસા મણ વાટ, ન હોયે કોકીલ નગરો. કોકીલ કોકીલમાંહી, કદી નહિ થાયે કુડો; જઇ ચોરે પર રાજ્ય, કાજ્યમાંતો રહે રૂડો. ભેદ ભુવતિ ભડારને, શરણાગત સોઠા સહી; શામળ જાતી કેકીલાતણી, હિંડી વસ્તુ મેલે નહી,

સોની વીશે છપા

ચાહુન કોળી ચોર, લહે તે ખાતર પાડી; ચુગલ લોક પણ ચોર. લહે તે કરિને ચાડી. વણિક જાત પણ ચોર, લહે ખેતર માંડીને. એક કસબ ચોરકઇ દીઠા, એતો અપરમપાર છે; પણ દહાડે ચોરે દેખતાં, સહુ ચોર સોનાર છે.

ચોપાઇ.

શોની કેરો એજ સ્વભાવ, ન ચોરાયનો આવે તાવ; ન ચોરાય ઉપજે ચિતભ્રમ, શોની કેરા કુળનો ધર્મ ત સ્કર ના બીજા છે ઘોર, કોળીથી એ ચોગણો ચોર; શો ની સાચો તેનુ નામ, કરે ઘણું તસ્કરનું કામ. ન ગણે બ્રાહ્મણ ને ગણે ભાટ; ન ગણે માત ભગનીની ખાટ; ન ગણે ધરમ ગણે નહી કરમ; નહિ શોનીને શરમ. શોનનુ સુનું કરિ દિયો, ધારે તેનુ લુટી લીયે; પ્રથમ તો સૈ કોનું હરે, વળતો સુએ કે પુણ્ય કરે. પવિત્ર જાત ક રે બહુ પુણ્ય, લેતાં નિમિષ ન રાખે ન્યુન.

દોહરા.

નિંદાથી નરતું ઘણું, શું કહું વારંવાર; જગમાં શો ની જાણવો, સહુ તસ્કર સરદાર. મીઠું બોલે તુખ્ય થ કો, પેર પેર કરી પ્રીત; વિધ વિધની વાતો કરી હરે સરવનુ ચીત.

શપુત. કપુત વિશે છપા.

સપુત નામ સરદાર, કોઇ ઉપર નવ કોપે; સપુત ના મ સરદાર, પિતાનુ વચન ન લોપે. સપુત નામ સરદા ર, બાપનુ કુળ ઉદ્ધરે; સપુત નામ સરદાર, હોય સામ રથ પણ હારે. વળિ સપુત નામ સરદારને, કુટંબનુ પોષ ણ કરે; શામળ કહે સપુત સલક્ષણા, માત પિતાજેનાં ઠરે.

કપુત કહીએ તેહ, બહુ પરિયાને બોળે; કપુત કહિયે નેહ, ધર્મ બ્રાહ્મણ નવ તોળે કપુત કહિયે તેહ, રંક જ પતી નાકુત જાત. તાત જાણે સહ તેનો. નામ એક

નને રંજાડે; કપુત કહિએ તેહ, ભજન ઝાઝાં ભંજાડે. એ
વા તો કપુત અનેક છે. અહંકાર ઘર આપને; શામ
ળ કહે સઉથી કપુત જે. ભોલ ઉથાપે બાપને.

સુન્દરીવિષે છપ્પો

ગાંડા પણ ગુણવંત કદી મેટમ નવ માણે નહિ ટે
ક તરતી અદ્ધપદ મન નવ આણે વાંકા ચુંકા ન થાય
ભોળ નર વાંકા ભોળે પોતે થાય ન મેક પરી પન્હા
નાભોળે પણ વીર હાક વાજે જહુ; ત્યાં વીરજ મન
મા ધરે; પછિ જ્યમ ગોળ ચોખા છડે, વેરી ઉપર ક
ર વાવરે.

કવી શામળભટની સમશ્યાઓ

નવ અહુમાંહી નામ, કામ કાશદનુ કરતો; પુરપ્ જશ
પરતાપ, તાપની હરકત હરતો, ભાગ્યશાળીને ભોગ્ય,
રોગ દુઃખ દળે દેહે; સારગ નામ સરાદર, સારગપર
વાહન સનેહ, તેનેજેનામે છે, તે આવ્યાથી દુઃખ જશે;
એ શીઘ્ર સ્વામીજી લાવજો. તો વળતી એ ળે થશે,

આંકડો

કણ રૂઠા કહેવાય, જમે નહીજન પણ કોઇ; મરદ વધા
રેમાન, માનની રહે મન મોહી, સાર ગણે સસરા, ભુ
પ પણ ગણે ભલાઇ; અતિશે ઉજવળ અગ, સગ શે
ભીત સદાઇ, એ આકાર ગુણવત છે, પ્રસન્ન મન પુરાણ
કે; જો સ્વામી શીઘર તે લાવશો, શામળ કહે સોળે સરે.

મોતી

નાર મળી દશ વીશ; પુરૂષ પરઠાણો જેનો;સુર

નર રૈય, આવરદા એનો સરખો; વસે વેગળે વાસ. ૫
ડીને પુરે પરખ્યો, તે તાલેવાન નરની તણો, હસ્તક રૂડો
નર હશે; પંડ્યાજી પેહેલો લાવજો, ત્યારપછી મેળો થશે

ચુડો

સપુત તણુ છે નામ, સભામાં શોભે સોહેલો; રજની
કેરૂ રૂપ, પુજન શીર કરતા પેહેલો; નોક કરે નરનાર
દૈક શુભ આપેદાએ; તસ્કરને મન તાપ, ભલા જન
તો શુભ ભાખે. તે નરના તનથી નીપજે, કરૂપ કહેછે
કામની; શામળ કહે સ્વામી લાવશો, તો ભજશે શુભ
ભામની.

દીવાનું કાજળ તથા મેશ

સાઠ નારીએ નાર, નાર અઠે નર જાણું; આઠ નરે
નર હોય; પુરૂશ જે ત્રીશ પ્રમાણું બાર નરે નર નામ
ભાગ ત્રીજો લે તેનો; અત્ય મધ્યને આધ, અમલ જો
શવર જેનો હરઘડિ તેને હરનાર છે, દુઃખ ટાળે જે
દેહનું; વળી જે માટે કઉરવ હણ્યા, તરત કામ છે તેહનુ

ચીર

કાયા કશ્ર સ્વરૂપ, સુઘડ પાણ સારો સઉથી; ભોગી
નરને નામ, રિઝે તે એહેક બહુથી; પાંખંડાયે પરવેશ
કરે અંતરીક્ષથી આપે; પંખી ગુણ ગણાય, પાપ ખ
ટની છે છાપે. એ નર જેને અટકે નહી, ભાવ ધરીને
જે ભજે; તે લાવ કંથ લેખવિના, તો સુંદીર સેળેસજે

અધાના ફુલ.

ત્રણ અક્ષર તરતીબ, તેર ગુણ શોભા સારી; રાજ

દ્વાર સનમાન, માન દે નરને નારી; નપુશક છે નિજ નામ, પુરૂશા બે શોભે સંગે; કામ વધારણ કાય, રંજીત તે સહુને રંગે. ફળ ફુલ વિના છે ફુટડુ, કંથલાવ કહે કામનો; તો શામળ કહે સોળે સજે, જોખ કરંતાં જામની.

તાંબુલ

સરસ સરોવર એક, ભર્યુ છે નિરમળ નીરે; પિયે નહી કોઇ પંથી. હંસ નવ બેસે તીરે; તે સર સમીપેં જાય, બુડે જન જોતાં ઝાઝા. દુઃખ ન પામે દેહ, રહે તર તોબે તાજા; કવિ શામળ કહે છે કારમુ, હોંશી જનને હિત હશે. સ્વામી લાવો સોહામણું, તો સોળે પુરા થશે.

દરપણ

ચંદ્ર બિંબ આકાર, નામ બે અક્ષર નારી; સ્ત્રી શુંગાર શોભીત, બહુ ગુણની બલીહારી; મુખ મંડન મહુ રૂપ, અનુપમ દીશે દેહ; તેથી શોભે નારકાન સુગુણી નર નેહ; લક્ષ્મી ખરચ્યા તે લાવજો, એ વણ અરધું દીસસે, શામળ કહે શામા જો સજે, તેથી હઇડું હીસશે.

કામની જાણ.

ચાર પુરૂષ પરમાણ, નહે પરણ્યાબે નારી; તેને બે નપુશક તન. વપુએ જુઓ વિચારી; એ અઠેનો ઠાઠ પુરૂપ પરમાણા એક, નારે વિંધ્યા નર દેહ, સુખે ની હાળો નકે; તે લાવ કંથ કોડામણા, સ્થિર સ્થાવર નિ-દયે ધોળશે. કહી શામળભટ સાચુ કહે, સોળ સજ્યાને

શોભશે.

પલંગ.

ભાગ્ય અક્ષર એજ, નાર નીચીને નાની; નહિ કરપદ નહિ નેન, સરવકોને મન માની. નારી સંઘે નહિ. રહે નારિને સંગે; ઉદર એહને અર્ભ, રાચે સઉ તેન રંગે. તે નાગે નારાને ગમે. તો દશ રૂડી દીપશે; શુંગાર શોભીનાં શોભશે, તો જશ તારો છાજશે.

વીંટીહીરા શુભાં.

સરોવર સુંદર સાર, નઉમે નીર ભરયું છે; નહીઆશે નહી પાણી, સ્થીર ઘણું કામ કરયું છે. વનસ્પતિ સ્થિર વેલ વિના પગ અંગ ચરેછે; વીના ધનુષ ને બાણ; વિના કર ચોટ કરેછે. તે મારનાર નથી દીસતો, અંગ તે તેને માંરી મરે; તે બાળ્ય કંથ કહે કામનો, દખી મન માર્ડ કરે.

દીવો પવનથી ઓલવાયું છે, તે.

કાળી નાર કુરૂપ અનુપમ એ પે ઝ ઝી; ગોંધા સેઘે મુખ, ત્રણે પખ તેની તાછ. નરથી ઉપજી નાર, આ ઘણમાં એ તો નરખી; મહાપ સભાગાં માન, પવિત્ર પંડીતે પરખી. છની રાખી જો છગ કરી, પ્રસિદ્ધ પોતે થાયછે ભાગળ કહે સ્વામી લાવજો, એ રાયા શીર રાયછે.

કસ્તુરી

સમાસ